

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 073
Dt.: 23-11-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### મેલોની-બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ સહિતના દિગ્ગજોને મળ્યા

# G20માં PM મોદીનું ગ્લોબલ લીડર્સ સાથે ખાસ બોન્ડિંગ

### વડાપ્રધાન મોદી નાસરેક એક્સપો સેન્ટર પહોંચ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખે આગળ આવીને સ્વાગત કર્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જહોનિસબર્ગ

દુનિયાના સૌથી મોટી સમિટમાંથી એક G20 સમિટ આ વખતે સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગમાં યોજાઈ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ સમિટમાં સામેલ થયા છે. જ્યાં વર્લ્ડ લીડર્સ સાથે તેમની બોન્ડિંગ સ્પષ્ટ નજરે પડી.

જ્યારે વડાપ્રધાન મોદી નાસરેક એક્સપો સેન્ટર પહોંચ્યા તો આખો માહોલ જ બદલાઈ ગયો. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ સિરિલ રામફોસાએ ખુદ આગળ આવીને તમનું સ્વાગત કર્યું. ત્યારબાદ દુનિયાભરના નેતાઓએ ભારતીય વડાપ્રધાન સાથે મુલાકાત કરી.

આ સમિટમાં વડાપ્રધાન મોદીએ ઈટલીના વડાપ્રધાન જોર્જિયો મેલોની સાથે વાતચીત કરી અને હાથ મિલાવ્યો. આ દરમિયાન બંને લીડર હસતા નજરે પડ્યા. વડાપ્રધાન મોદીએ બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ લૂલાને ગળે લગાવ્યા. રાષ્ટ્રપ્રમુખ લૂલા વડાપ્રધાન મોદીની પીઠ થપથપાવતા જોવા મળ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર ફોટો શેર કરીને લખ્યું કે, 'જોહાનિસબર્ગમાં વડાપ્રધાન કીર સ્ટારમર સાથે મુલાકાત અદ્ભુત રહી. આ વર્ષ ભારત-યુકે ભાગીદારીમાં નવી ઉર્જા લાવ્યું છે અને અમે તેને ઘણા ક્ષેત્રોમાં આગળ ધપાવતા રહીશું' G20 જોહાનિસબર્ગ સમિટ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસ સાથે ખૂબ જ ફળદાયી વાતચીત.

G20માં PM મોદીનું ગ્લોબલ લીડર્સ સાથે ખાસ બોન્ડિંગ, મેલોની અને બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ સહિતના દિગ્ગજોને મળ્યા. વડાપ્રધાન મોદી ગઈકાલે પીએમ મોદી જહોનિસબર્ગમાં ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનીઝને મળ્યા હતા.

દક્ષિણ આફ્રિકામાં યોજાઈ રહેલી G20 સમિટ ભારત માટે ખૂબ જ ખાસ છે. આના માટે ફક્ત એક જ નહીં પરંતુ અનેક કારણો છે. ૨૦૨૩માં જ્યારે ભારતે G20 નું અધ્યક્ષપદ સંભાળ્યું હતું, ત્યારે ભારતે આફ્રિકન યુનિયન માટે કાયમી સભ્યપદ મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આજે, જ્યારે આ સમિટ પહેલીવાર આફ્રિકામાં યોજાઈ રહી છે, ત્યારે આફ્રિકન દેશો ભારત પ્રત્યે અનોખો આદર દર્શાવી રહ્યા છે.

શુક્રવારે જ્યારે વડાપ્રધાન મોદી આફ્રિકા પહોંચ્યા, ત્યારે સ્થાનિક કલાકારોએ જમીન પર પ્રણામ કરીને તેમનું સ્વાગત કર્યું.

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન રાષ્ટ્રપ્રમુખ પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગની ગેરહાજરીએ ભારતની હાજરીને વધુ મહત્ત્વપૂર્ણ બનાવી દીધી છે. ત્રણ મુખ્ય સત્રોમાં, વડાપ્રધાન મોદી આર્થિક વિકાસ, આબોહવા મુદ્દાઓ અને કૃત્રિમ બુદ્ધિમત્તા પર ભારતના વિચારો રજૂ કરશે. આ સમિટ ભારતને ગ્લોબલ સાઉથનો અવાજ અને વિકાસશીલ દેશોના નેતા તરીકે વધુ મજબૂત રીતે ઉભરી આવવાની તક પૂરી પાડે છે. આ જ કારણ છે કે આ ૪૨૦ ભારત માટે ખૂબ જ ખાસ માનવામાં આવે છે.



### મોહન ભાગવતે હિંદુ ધર્મને લઈને મોટું નિવેદન

# જો હિન્દુઓ નહીં રહે તો દુનિયા પણ નહીં રહે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પ્રમુખ મોહન ભાગવતે હિંદુ ધર્મને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે આપણે સમાજનું એક બેઝિક નેટવર્ક બનાવ્યું છે, જેના કારણે હિંદુ સમાજ રહેશે. જો હિંદુ નહીં રહે તો દુનિયા નહીં રહે. મણિપુરના પ્રવાસે ગયેલા મોહન ભાગવતે કહ્યું, પરિસ્થિતિનો વિચાર બધાએ કરવો પડે છે. પરિસ્થિતિ આવે છે જાય છે. દુનિયામાં બધા દેશો પર અલગ-અલગ પ્રકારની પરિસ્થિતિ આવી. કેટલાક દેશ તેમાં સમાપ્ત થઈ ગયા. જુઓ યૂનાન, ઈજિપ્ત અને રોમ બધા ભૂંસાઈ ગયા. કંઈક વાત છે કે આપણી હસ્તી મટતી નથી.'

મોહન ભાગવતે કહ્યુ, 'ભારત એક અમર સમાજ, અમર સિવિલાઈઝેશનનું નામ છે. બાકી બધા આવ્યા, ચમક્યા અને ચાલ્યા પણ ગયા. આ બધાનો ઉદય અને અસ્ત આપણે જોયો છે. આપણે હજુ છીએ અને રહીશું કારણ કે આપણે આપણા સમાજનું બેઝિક નેટવર્ક બનાવ્યું છે. તેના કારણે હિંદુ સમાજ રહેશે. જો હિંદુ ન રહ્યો તો દુનિયા પણ નહીં રહે. ધર્મનો સાચો અર્થ અને માર્ગદર્શન દુનિયાને સમય-સમય પર હિંદુ સમાજ આપે છે. તેમણે કહ્યું કે આ આપણું ઈશ્વરે આપેલું કર્તવ્ય છે.'

આરએસએસ વડાએ કહ્યુ- બ્રિટિશ સામ્રાજ્યનો સૂર્ય અસ્ત નહોતો થતો. પરંતુ ભારતમાં તેના સૂર્યાસ્તની શરૂઆત થઈ. તે માટે આપણે ૯૦ વર્ષ પ્રયાસ કર્યો. ૧૮૫૭થી લઈને ૧૯૪૭ સુધી. આટલા લાંબા સમય સુધી સ્વતંત્રતા માટે આપણે બધા લડતાં રહ્યાં. આ અવાજ આપણે બદાવા દીધો નહીં. ક્યારેક ઓછો થઈ ગયો, ક્યારેક વધી ગયો, પરંતુ દબાયો નહીં. તે ભાગવતે કહ્યું કે દરેક સમસ્યાનો અંત સંભવ છે. તે માટે તેમણે નકસલવાદનું ઉદાહરણ આપતા કહ્યું કે જ્યારે સમાજે નક્કી કર્યું કે હવે આ સહન નહીં થાય, ત્યારે તે ખતમ પણ થઈ ગયો. મોહન ભાગવે ઈમ્ફાલમાં જનજાતીય નેતાઓ સાથે શુક્રવારે બેઠક યોજી હતી.

### વિકાસ માત્ર પટણા અને રાજગીર પૂરતો મર્યાદિત ન રહે

# ઓવૈસી પણ નીતિશ સરકારને સમર્થન આપવા માટે તૈયાર

### મારી પાર્ટી નીતિશ સરકારને સમર્થન આપવા તૈયાર છે, પરંતુ સીમાંચલ પ્રદેશને ન્યાય મળવો જ જોઈએ : ઓવૈસી

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની સરકારને ટેકો આપવા માટે તૈયારી બતાવી છે. જો કે, તેમણે આ સમર્થન માટે એક સ્પષ્ટ શરત મૂકી છે, જે ઉત્તરપૂર્વીય બિહારનો પછાત વિસ્તાર સીમાંચલ પ્રદેશ સાથે સંબંધિત છે. અમૌરમાં એક જાહેર સભાને સંબોધતા અસદુદ્દીન ઓવૈસીએ જણાવ્યું હતું કે, મારી પાર્ટી નીતિશ સરકારને સમર્થન આપવા તૈયાર છે, પરંતુ સીમાંચલ પ્રદેશને ન્યાય મળવો જ જોઈએ. વિકાસ ફક્ત રાજધાની પટણા અને પર્યટન સ્થળ રાજગીર પૂરતો મર્યાદિત ન હોવો જોઈએ. ક્યાં સુધી બધું પટણા અને રાજગીર આસપાસ કેન્દ્રિત રહેશે?

તેમણે જણાવ્યું હતું કે, સીમાંચલ નદીના ધોવાણ, મોટા પાયે સ્થળાંતર અને વ્યાપક ભ્રષ્ટાચારથી ઝઝૂમી રહ્યું છે અને સરકારે આ મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ. સીમાંચલ પ્રદેશ મુસ્લિમ વસ્તી ધરાવતો અને રાજ્યના સૌથી પછાત વિસ્તારોમાંનો એક છે, જ્યાં લગભગ ૮૦ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે.

નીતિશ સરકારને સમર્થન આપવાના પ્રસ્તાવની સાથે ઓવૈસીએ તેમના પક્ષના ધારાસભ્યોની જવાબદારી સુનિશ્ચિત કરવા માટે કડક યોજના જાહેર કરી છે. તેમણે જણાવ્યું કે, AIMIMના પાંચેય ધારાસભ્યો અઠવાડિયામાં બે દિવસ તેમના મતવિસ્તારના કાર્યાલયોમાં બેસશે. ધારાસભ્યોએ તેમને તેમના લાઈવ વોટ્સએપ સ્થાન સાથે ફોટા મોકલવા પડશે, જેથી તેમની હાજરીની ખાતરી થઈ શકે.

આ ઉપરાંત ઓવૈસીએ પોતે છ મહિનાની અંદર આ કાર્ય શરૂ કરવાનો અને દર છ મહિને એકવાર મુલાકાત લેવાનો પ્રયાસ કરવાની વાત કહી. તેમણે કહ્યું કે, અમે જનતા સાથે મળીશું અને ભ્રષ્ટાચાર સામે લડીશું. બિહારમાં NDAની જંગી જીત છતાં, AIMIM એ આ પ્રદેશમાં તેની પાંચ બેઠકો જાળવી રાખી છે. અગાઉ ૨૦૨૦માં પાર્ટીના ચાર ધારાસભ્યો ચૂંટણી પછી RJDમાં જોડાયા હતા.

### સરકારે આ છેતરપિંડી અંગે ચેતવણી જાહેર કરી

# દિલ્હીમાં થયેલા બ્લાસ્ટના નામે ડિજિટલ અરેસ્ટની 'નવી જાળ'

### NIA કે CBI અધિકારીઓ તરીકે ઓળખાઈને, તેઓ લોકોને "ડિજિટલ અરેસ્ટ" ની ધમકી આપે છે અને છેતરપિંડી કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં તાજેતરમાં થયેલા કાર બોમ્બ વિસ્ફોટથી સમગ્ર દેશ હચમચી ગયો હતો. આ આતંકવાદી ઘટનાની તપાસ હજુ પણ ચાલી રહી છે, ત્યારે સાયબર ગુનેગારોએ આ તક ઝડપી લીધી છે અને નાગરિકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે.

ગૃહ મંત્રાલયના સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) ના સત્તાવાર હેન્ડલ @Cyberdost એ આજે એક વીડિયો અને પોસ્ટ જાહેર કરીને ચેતવણી જાહેર કરી છે. વીડિયો સ્પષ્ટપણે દર્શાવે છે કે છેતરપિંડી કરનારાઓ, દિલ્હી વિસ્ફોટોને બહાના તરીકે ઉપયોગ કરીને, લોકોને ડિજિટલ ધરપકડની ધમકી આપે છે અને લાખો રૂપિયાની છેતરપિંડી કરે છે. સાયબર દોસ્તનો સ્પષ્ટ મેસેજ છેઃ ડિજિટલ ધરપકડ સંપૂર્ણપણે નકલી છે; તે ૧૦૦% છેતરપિંડીવાળી યોજના છે.છેતરપિંડી કરનારાઓ સામાન્ય નાગરિકોને ફોન કરે છે અથવા વીડિયો કોલ કરે છે અને ATS, NIA, CBI અથવા દિલ્હી પોલીસના અધિકારીઓ તરીકે પોતાને રજૂ કરે છે. તેઓ દાવો કરે છે કે દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસમાં તેમના મોબાઈલ નંબર અથવા આધાર કાર્ડને આતંકવાદીઓ સાથે જોડવામાં આવ્યા છે. ત્યારબાદ તેઓ તેમના આખા પરિવારની ધરપકડ કરવાની ધમકી આપે છે. ત્યારબાદ પીડિતને "ડિજિટલ અરેસ્ટ" હેઠળ મૂકવામાં આવે છે. જેમાં તેમને ઘરની અંદર રહેવા અને વીડિયો કોલ પર રહેવાની જરૂર પડે છે. તેઓ કલાકો સુધી આ ડર જાળવી રાખે છે અને કેસનો ઉકેલ લાવવા માટે પૈસા ટ્રાન્સફર કરવા દબાણ કરે છે.

ભારતમાં ડિજિટલ અરેસ્ટ નામની કોઈ કાનૂની પ્રક્રિયા અસ્તિત્વમાં નથી. તે એક છેતરપિંડી છે. કૌભાંડીઓ નકલી ઓળખ કાર્ડ, પોલીસ ગણવેશના ફોટો અને સરકારી લેટરહેડનો ઉપયોગ કરે છે. તેઓ પીડિતને સતત સ્ક્રીન પર રાખવા માટે વીડિયો કૉલ્સનો ઉપયોગ કરે છે જેથી તેઓ કોઈનો સંપર્ક ન કરી શકે.ભારતમાં કોઈ કાનૂની એજન્સી ફોન પર પૈસાની માંગણી કરતી નથી. પોલીસ ધરપકડ માટે વોરંટ લઈને ઘરે પહોંચે છે, વીડિયો કૉલ દ્વારા નહીં. કાયદામાં ડિજિટલ અરેસ્ટ માટે કોઈ જોગવાઈ નથી. કૌભાંડીઓ નકલી ડોક્યુમેન્ટ્સ બતાવે છે જેની સરળતાથી ચકાસણી કરી શકાય છે. જો ફોન કરનાર દબાણ કરી રહ્યો હોય દુર્વ્યવહાર કરી રહ્યો હોય અથવા તાત્કાલિક પૈસા ટ્રાન્સફરની માગ કરી રહ્યો હોય, તો સમજો કે તે એક કૌભાંડ છે.

# મોટા ભાઈએ જ નાના ભાઈની હત્યા કરી નદી કિનારે લાશ ફેંકી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગ્લુરુ

બેંગ્લુરુમાંથી એક હચમચાવી મૂકતી ઘટના સામે આવી છે. એક યુવકે પોતાના નાના ભાઈના હિંસક અને ગુનાહિત વર્તનથી કંટાળીને તેને મોતને ઘાટ ઉતારી દીધો છે. આરોપીએ યુવકે પોતાના મિત્રો સાથે મળીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. તેમણે તેના ભાઈની કારમાં હત્યા કરી અને તેની લાશ નદી કિનારે ફેંકી દીધી હતી.

મૃતક યુવકની ઓળખ ૨૪ વર્ષીય ધનરાજ તરીકે થઈ છે. આરોપી ભાઈની ઓળખ ૨૮ વર્ષીય શિવરાજ તરીકે થઈ છે, જે મૂળ કલબુર્ગી જિલ્લાનો રહેવાસી છે. આ ઘટના અંગે પોલીસે જણાવ્યું કે, મૃતક યુવક ધનરાજ કલબુર્ગીમાં પોતાના માતા-પિતા સાથે રહેતો હતો. ધનરાજ ચોરી, દારૂનું સેવન અને વારંવાર ઝઘડા જેવા આરોપોમાં સામેલ રહેતો હતો. તે વારંવાર પોતાના માતા-પિતા સાથે મારપીટ કરતો હતો. તે પોતાના મોટા ભાઈ શિવરાજ સાથે પણ મારપીટ કરી ચૂક્યો છે. આટલું જ નહીં પાડોશીઓએ પણ મોબાઈલ અને પશુઓની ચોરીની ફરિયાદ કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘટનાને અંજામ આપતા પહેલા શિવરાજે ધનરાજને બન્નેરઘટ્ટા NICE રોડ જંકશન પાસે એક કારમાં બેસાડ્યો. શિવરાજની સાથે તેના બે મિત્રો પણ હતા. ધનરાજ કારની આગળની સીટ પર બેઠો હતો અને ફોન જોઈ રહ્યો હતો, ત્યારે સંદીપ અને પ્રશાંતે તેને પાછળથી પકડી લીધો.

### બ્રાઝીલ સહિત ૭ દેશોના જજો હાજર રહેશેઃ સોમવારે ન્યાયાધીશ સૂર્યકાંત બનશે ૫૩માં CJI

# નવા CJI સૂર્યકાંતનો શપથ સમારોહ ઐતિહાસિક રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ન્યાયતંત્રનો ઈતિહાસ સોમવારે (૨૪મી નવેમ્બર)ના રોજ એક અભૂતપૂર્વ અને રાજદ્વારી રીતે મહત્ત્વપૂર્ણ ક્ષણનો સાક્ષી બનવા જઈ રહ્યો છે. ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે ન્યાયાધીશ સૂર્યકાંતના શપથ ગ્રહણ સમારોહમાં વિશ્વભરના મુખ્ય ન્યાયાધીશો અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો હાજરી આપશે.

બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, ભારતના મુખ્ય ન્યાયાધીશના શપથ ગ્રહણ સમારોહમાં આટલી મોટી સંખ્યામાં વિદેશી ન્યાયિક પ્રતિનિધિઓ હાજર રહે તેવો આ પ્રથમ પ્રસંગ છે.

લાંબી અને પ્રતિષ્ઠિત ન્યાયિક કારકિર્દી પછી ન્યાયાધીશ સૂર્યકાંત ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે શપથ લેશે. વર્ષ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનતા પહેલા, તેમણે હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા આપી હતી. તેમના કાર્યકાળમાં મહત્ત્વપૂર્ણ બંધારણીય નિર્ણયો, ન્યાયિક સંસ્થાઓમાં સુધારા અને કાનૂની સહાય પ્રણાલીને મજબૂત બનાવવા માટેની પહેલો પર ધ્યાન કેન્દ્રિત થવાની સંભાવના છે. ભારત સરકારે વિદેશી ન્યાયિક મહાનુભાવોની સંપૂર્ણ યાદી બહાર પાડી છે. જેમાં ભૂટાન, કેન્યા, મલેશિયા, મોરેશિયસ, નેપાળ, શ્રીલંકા અને બ્રાઝિલના મુખ્ય ન્યાયાધીશો, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અને તેમના પરિવારોનો સમાવેશ થાય છે.

આ હાજરી માત્ર ભારતીય ન્યાયતંત્રની વૈશ્વિક સ્થિતિ જ દર્શાવે છે, પરંતુ ભારતના ન્યાયિક અને રાજદ્વારી સંબંધો વચ્ચે વધતી જતી નિકટતાનો પણ સંકેત આપે છે.

વિદેશી ન્યાયિક પ્રતિનિધિઓની યાદી

● ભૂટાનના મુખ્ય ન્યાયાધીશ; જસ્ટિસ લિયોનપો નોરબુ શેરિંગ અને તેમના પત્ની લ્હાડેન લોટે.

●કેન્યાની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને પ્રેસિડેન્ટ માર્થા કૂમે અને જસ્ટિસ સુસાન નજોકી ન્દુંગુ.

● મલેશિયાની ફેડરલ કોર્ટના જસ્ટિસ તાન શ્રી દાતુક નલિની પથમનાથન અને તેમના પતિ પશુપતિ શિવપ્રાગસમ.

●મોરેશિયસના મુખ્ય ન્યાયાધીશ બીબી રેહાના મુંગલી-ગુલબુલ અને તેમની પુત્રી રેબેકા હેન્ના બીબી ગુલબુલ.

●નેપાળના મુખ્ય ન્યાયાધીશ પ્રકાશ માન સિંહ રાઉત, ન્યાયાધીશ સપના પ્રધાન મલ્લા અને તેમના પતિ અશોક બહાદુર મલ્લા, સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ અને હાલમાં નેપાળ સરકારમાં કાયદા, ન્યાય અને સંસદીય બાબતોના મંત્રી અનિલ કુમાર સિંહા અને તેમના પત્ની ઉર્સીલા સિંહા.

●શ્રીલંકાના મુખ્ય ન્યાયાધીશ પી. પદ્મન સુરાસેના અને તેનના પત્ની સેપાલિકા સુરાસેના, જસ્ટિસ એસ. થુરૈરાજા અને તેમના પત્ની શશિકલા થુરૈરાજા, જસ્ટિસ અહેમદ નવાઝ અને તેમના પત્ની રિઝાન મોહમ્મદ ધલિપ નવાઝ.

●નેશનલ હાઈ કોર્ટ ઓફ બ્રાઝિલ, સુપિરિયર ટ્રિબ્યુનલ ડી જસ્ટિસિયાના મિનિસ્ટર એન્ટોનિયો હર્મન બેન્જામિન.




# તંત્રી લેખ......

## ધાર્મિક ઉગ્રવાદનો વધતો પડછાયો

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક એક ડૉક્ટર દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલાએ મુસ્લિમ સમુદાયમાં વધતા ઉગ્રવાદ વિશે નવી ચર્ચા જગાવી છે. આ ખાસ કરીને એટલા માટે છે કારણ કે ડૉક્ટરના ઘણા સાથીઓ પણ ડૉક્ટર બન્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં મુસ્લિમોના સામાજિક માળખામાં થયેલા ફેરફારોનું પરિણામ શિક્ષિત મુસ્લિમ યુવાનોનો આતંકવાદ તરફનો ઉદય છે.

ઝાકિર નાઈક અને અન્ય જેવા પ્રતિબંધિત કટ્ટરપંથી તત્વોના વધતા પ્રભાવથી માત્ર મુસ્લિમ યુવાનોના ધાર્મિક વર્તન જ નહીં, પરંતુ તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર પણ અસર પડી છે. ભારતીય રિવાજોનો વિરોધ, બુરખા અને નકાબનો આગ્રહ, શરિયા આધારિત જીવનશૈલીની હિમાયત અને સ્થાનિક પરંપરાઓને બિન-ઈસ્લામિક ગણાવવાની વૃત્તિએ ભારતીય મુસ્લિમોમાં એક નવી માનસિકતા ઉભી કરી છે. ઘણા મુસ્લિમો જે એક સમયે હોળી અને દિવાળી ઉજવવામાં, સાથે રહેવામાં અને સંગીત અને નૃત્ય જેવી કળાઓમાં ભાગ લેવામાં રસ દર્શાવતા હતા તેઓ હવે ધીમે ધીમે અલગ થઈ રહ્યા છે. અરબીકરણની પ્રક્રિયા શાંતિથી ભારતીય ઈસ્લામના સારને બદલી રહી હોય તેવું લાગે છે. આ વલણ નવું નથી, પરંતુ તાજેતરના વર્ષોમાં, તે સંગઠિત અને વૈચારિક રીતે મજબૂત બન્યું છે. "મૂળ તરફ પાછા ફરો" સૂત્ર, અથવા ઈસ્લામના મૂળ સ્વરૂપમાં પાછા ફરવું, મૂળ રૂપે સામાજિક સુધારાનું પ્રતીક હતું, પરંતુ હવે કટ્ટરપંથી તત્વોએ તેનો ઉપયોગ એક અલગ સાંસ્કૃતિક ઓળખ તરીકે કરવાનું શરૂ કર્યું છે.

કપડાં, ભાષા અને સામાજિક વર્તનને પણ ધાર્મિક સીમાઓ સુધી મર્યાદિત કરીને, એક એવી માનસિકતા ઉભરી રહી છે જે ભારતીય ઈસ્લામની મિશ્ર, સૂફી અને માનવતાવાદી પરંપરાઓ સાથે વિરોધાભાસી છે. પરિણામે, મુસ્લિમ સમાજમાં ઉદાર અને કટ્ટરપંથી પ્રવાહો વચ્ચેનો સંઘર્ષ વધુ ઊંડો બની રહ્યો છે. જ્યારે ઈસ્લામ ભારતમાં આવ્યો, ત્યારે તેણે તેની ભૂમિ સાથે સંવાદ સ્થાપિત કર્યો અને ભારતીય સંસ્કૃતિને આત્મસાત કરી. સૂફીઓએ આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, પ્રેમ, કરુણા અને આત્મીયતા દ્વારા ઈસ્લામને સ્થાનિક જીવનમાં એકીકૃત કર્યો. કટ્ટરપંથી ઈસ્લામિક તત્વો સૂફીવાદ અને હિન્દુ ફિલસૂફી વચ્ચેની ગહન અને આકર્ષક સમાનતાને પચાવી શકતા નથી. એક ઉદાહરણ મન્સુર અલ-હિલ્લાજની ઘોષણા, "અન-અલ-હક" (હું સત્ય છું) છે. આ ઉપનિષદના મહાકાવ્ય, "અહમ બ્રહ્માસ્મિ" (હું બ્રહ્મ છું) ને પ્રતિબિંબિત કરે છે. મોટાભાગના ભારતીય મુસ્લિમોના પૂર્વજો ઐતિહાસિક અને સામાજિક કારણોસર ધર્માંતરિત થયેલા હિન્દુ હતા. તેમની નસોમાં એ જ ભારતીય રક્ત વહે છે, જેણે આ ભૂમિની વિવિધતા અને સહિષ્ણુતાને પોષી હતી. તેમની સંસ્કૃતિ, રિવાજો અને સામાજિક મૂલ્યો હંમેશા ભારતીય જીવનશૈલીમાં મૂળ રહ્યા છે; ફક્ત તેમની પૂજા પદ્ધતિ અલગ થઈ ગઈ છે. જો કે, હવે, તેમને તેમના ભારતીય મૂળથી કાપી નાખવા અને વિદેશી, ખાસ કરીને આરબ સંસ્કૃતિઓ સાથે ગોઠવવાનો એક સંકલિત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઘણા મૌલવીઓ હવે સાઉદી શેખનો પોશાક અપનાવે છે, માથા પર કેફીયા પહેરે છે અને અરબી ઉચ્ચારણમાં બોલે છે, જે દર્શાવે છે કે સાચો મુસ્લિમ તે છે જે અરબ જેવો દેખાય છે. આ વલણ વ્યવસ્થિત સાંસ્કૃતિક અલગતાનું પ્રતીક છે.

તાજેતરના વર્ષોમાં, દાવા કાર્યક્રમો દ્વારા ધર્માંતરણ અને સાંસ્કૃતિક અલગતાના અસંખ્ય બનાવો નોંધાયા છે. મુસ્લિમ સમુદાયમાં મહિલાઓ અને બાળકો પર કટ્ટરપંથી વિચારોના ફેલાવાની સૌથી ગંભીર અને દુઃખદ અસર પડી છે. સમાજના એક ભાગમાં, મહિલાઓ સામે અસમાનતા અને જુલમને ધર્મના સ્વરૂપમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે. શ્રદ્ધાના નામે, સ્ત્રીઓનું મગજ ધોવાઈ રહ્યું છે અને વિવિધ પ્રકારના બુરખા અને બુરખા પહેરવાની પ્રથાને "ધર્મનો આવશ્યક ભાગ" તરીકે વર્ણવવામાં આવી રહી છે. પરિણામ એ છે કે ઘણી મુસ્લિમ સ્ત્રીઓ પણ આ કટ્ટરતાની વાહક બની ગઈ છે. તેઓ સહિયારી સંસ્કૃતિથી અલગ થઈ રહી છે.

રાજ્ય સરકારમાં મળેલી નોકરીની તકને માત્ર નિમણૂક નહી પણ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારો

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં નવી નિમણૂક મેળવેલા ૪૪૦૦ થી વધુ યુવાઓને આહવાન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં વર્ગ-૩માં નવી નિમણૂક મેળવી રહેલાં ૪,૪૭૩ યુવાઓને આહવાન કર્યુ કે,રાજ્ય સરકારની સેવામાં તેમને મળેલી તકને માત્ર નિમણૂક નહી પરંતુ સામાન્ય માનવીની સેવાથી રાષ્ટ્રનિર્માણમાં યોગદાનની તક તરીકે સ્વીકારે.

આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નાગરિક દેવો ભવઃનો મંત્ર સરકારમાં અપનાવ્યો છે અને લોકોને ગુડ ગવર્નન્સની સતત પ્રતિતિ કરાવી છે. નવી નિમણૂક મેળવી રહેલા યુવાઓ પણ પ્રમાણિકતા સાથે કાર્યરત રહીને, કોઈ નાના માનવીની મુશ્કેલી દૂર કરીને કે કોઈ વિધવા માતાના આંસુ લુછીને ,નિરાધારનો આધાર બનીને સંવેદનશીલ સરકારની અનુભૂતિ પોતાના વાણી વર્તન અને વ્યવહારથી કરાવે તેવી તેમની પાસેથી અપેક્ષા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે “વિકસિત ભારત, વિકસિત ગુજરાત” અંતર્ગત ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારના વિભાગોમાં વિવિધ કેડરમાં પસંદગી પામેલા કુલ ૪,૪૭૩ ઉમેદવારોમાંથી પ્રતિકાત્મક રૂપે ૨૧ જેટલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ અન્ન નાગરિક પુરવઠા- ગ્રાહકોની બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ યુવાઓને પ્રેરણા આપતાં કહ્યુ કે, ફરજો અને કામગીરીમાં શિથિલતા નહી પરંતુ નવિનતાના અભિગમ સાથે રાષ્ટ્રહિત પ્રથમ અને રાજ્યના વિકાસથી રાષ્ટ્રના વિકાસના ભાવને સમગ્ર કેરિયરમાં પ્રાથમિકતા આપીને ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણના તેઓ સંવાહક બને.

તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સ માટે ટ્રાન્સપરન્સી અને ડિજિટલ ટેકનોલોજીનો વધુ ઉપયોગ તથા હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ પર જે ફોકસ કર્યુ છે તેને ગુજરાતે પારદર્શી નિમણૂકથી સાકાર કર્યુ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારે માનવ સંસાધન માટે ટેક્નોલોજીના ઉપયોગથી કાર્યરત કરેલા ૩૦૦૦થી વધુ કેડરની માહિતી સાથેના કેડર મેનેજમેન્ટ પોર્ટલ અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે આના પરિણામે ભવિષ્યના મેન પાવર રિક્રુટમેન્ટ માટેનું આયોજન સરળ બન્યું છે. રોજગાર ઈચ્છુક યુવાનોને પણ પરીક્ષાની આગોતરી માહિતી મળી રહે છે અને પુરી તૈયારી કરીને તેઓ સફળતા મેળવી શકે છે.

દેશના યુવાઓ માટે સરકારી નોકરી ઉપરાંત ખાનગી, જાહેર ક્ષેત્રોમાં “હર હાથ કો કામ, હર કામ કા સન્માન”નો ધ્યેય સાકાર કરતાં રોજગાર અવસરો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં શરૂ થયેલા રોજગાર મેળાથી ખુલ્યાં છે તથા ૩.૫ કરોડ યુવાઓને રોજગાર અવસર આપવા માટે વડાપ્રધાનશ્રીના વિઝનથી પીએમ વિકસિત ભારત યોજના શરૂ થઈ છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

નવી નિમણુંક મેળવી રહેલા યુવાઓને મુખ્યમંત્રીશ્રીએ ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નિમણૂકપત્ર મેળવનાર તમામ ઉમેદવારોનું ગુજરાત સરકાર પરિવારમાં સ્વાગત સહ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આજનો દિવસ ગુજરાતની યુવાશક્તિ માટે એક સુવર્ણ દિવસ છે. આજે સૌ ઉમેદવારોએ અથાક પરિશ્રમને અંતે આ સિધ્ધિ પ્રાપ્ત કરી છે, ત્યારે તેમના માતા પિતા અને પરિવારના સભ્યોના સપનાઓ પણ સાકાર થયા હશે. આ સફળતા જનસેવાની નવી શરૂઆત છે. નિમણૂક પામનાર સૌ ઉમેદવારોને રાજ્યના નાગરિકોના કામ કરવા માટે તક મળી છે. આ તકનો ઉપયોગ નાગરિકોની સેવા કરવા માટે હકારાત્મક અભિગમ સાથે થાય તેવી કાળજી રાખવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

એપ્રિલ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૦૧ જેટલી પરીક્ષાઓ યોજીને રેકોર્ડ બનાવ્યો છે. ઓનલાઇન, પારદર્શક અને ઝડપી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરનાર ગૌણ સેવા પસંદગી મંડળની સમગ્ર ટીમને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા રાજ્યના લાખો યુવાનો માટે આ જ મહિનાના અંત સુધીમાં ગુજરાત પોલીસ દળમાં કુલ ૧૪,૫૦૭ નવી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા જાહેર કરવામાં આવશે. જેમાં PSI અને લોકરક્ષક જેવી મુખ્ય કેડરની ૧૩,૫૯૧ જગ્યાઓ અને ટેકનિકલ કેડરની ૯૧૬ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાલમાં ગુજરાત પોલીસ દળની ચાલી રહેલી ૧૨થી વધુ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં છે, જેમના નિમણૂક પત્રો પણ ટૂંક સમયમાં અપાશે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સંદેશાના માધ્યમથી નવ નિયુક્ત ઉમેદવારને અભિનંદન આપીને 'વિકસિત ભારત' માટે પોતાનું મહત્તમ યોગદાન આપવા શુભેચ્છાઓ પાઠવી હતી.




મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, દરેક યુવાનોનું સરકારી નોકરી મેળવવાનું એક સ્વપ્ન હોય છે અને આજનો દિવસ તે સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ અવસર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગૌણ સેવા મંડળ દ્વારા આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રીતે કરીને તમામ તબક્કામાં આધુનિક ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો છે.

મુખ્ય સચિવશ્રીએ કહ્યું હતું કે,આગામી સમયમાં આંગણવાડી તથા પોલીસ વિભાગમાં નિષ્પક્ષ અને સુવ્યવસ્થિત ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તેમણે ઉમેદવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આપ સૌ નસીબદાર છો કે રાજ્ય સરકારની મજબૂત આર્થિક સ્થિતિના સમયગાળા દરમિયાન આપની ભરતી થઈ રહી છે.આપના કાર્યકાળમાં ભારત વિકાસની નવી દિશાઓ સર કરવા જઈ રહ્યું છે તેમાં તમે તમારું મહત્તમ યોગદાન આપશો તેવો વિશ્વાસ આ પ્રસંગે મુખ્ય સચિવશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આ પ્રસંગે ઉપસ્થિત સૌનો આભાર માનીને નવ નિયુક્ત ઉમેદવારને શુભેચ્છાઓ પાઠવી હતી.

રાજ્યભરમાંથી પસંદગી પામેલા ઉમેદવારોમાંથી સૌથી વધુ જુનિયર ક્લાર્ક વર્ગ-૩ માં ૨,૮૨૮ ઉપરાંત સબ રજિસ્ટ્રાર ગ્રેડ ૧-૨ ની મળીને કુલ ૯૨, સ્ટેમ્પ નિરીક્ષક વર્ગ-૩ની કુલ ૨૨, સિનિયર ક્લાર્ક વર્ગ-૩ની ૩૩૯, હેડ ક્લાર્ક વર્ગ-૩ની ૧૩૮, મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩ની કુલ ૨૦, સમાજ કલ્યાણ નિરીક્ષક વર્ગ-૩ની ૧૪૪ તેમજ ગૃહપતિ,ઓફિસ આસિસ્ટન્સ, ડેપો મેનેજર, આસિસ્ટન્ટ ડેપો મેનેજર, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વર્ગ-૩,હિસાબનીશ વર્ગ -૩, પેટા હિસાબનીશ વર્ગ-૩ અને સર્વેયરની કુલ ૮,૮૨ આમ, કુલ-૪,૪૭૩ જગ્યાઓનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન શ્રી તુષાર ધોળકીયા,સામાન્ય વહીવટ વિભાગ સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ,કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં પ્લમ્બરે ડોક્ટરના બંગલામાં ચોરી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી

વાપીના ચલા વિસ્તારમાં આવેલી ભાગ્યોદય સોસાયટી નજીક આવેલા આંખના જાણીતા ડોક્ટર રાવલના બંગલામાં લૂંટનો બનાવ બન્યો હતો. આ બંગલામાં બે મહિલાઓ એકલી જ હાજર હતી. એ વખતે જ ઘરમાં પ્લમ્બિંગના કામનું બહાનુ બનાવી ઘરમાં આવેલા પ્લમ્બરે જ મોકો જોઈ અને બંને મહિલાઓ પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો. જેના બાદ ઘરમાંથી લૂંટ ચલાવી હતી. જોકે બૂમાબૂમ થતા આસપાસના વિસ્તારના લોકો પણ એકઠા થઈ ગયા હતા. જાણ થતા જ વાપી ટાઉન પોલીસનો પણ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. અને બંગલામાં પ્રવેશી લૂંટારો પ્લમ્બર લૂંટ ચલાવીને ફરાર થઈ જાય એ પહેલાં જ બંગલાના ટેરેસ પરથી ફિલ્મી ઢબે પોલીસે ઝડપી અને સળિયા પાછળ ધકેલી દીધો હતો. જો કે પ્લમ્બરના જીવલેણ હુમલામા ડોક્ટર રાવલના પત્ની અને તેમના સાસુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અને આરોપી પ્લમ્બરની ધરપકડ કરી તેમના વિરૂધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડોક્ટરના બંગલામાં લૂંટ ચલાવનાર પ્લમ્બરનું નામ સનાતન ઉર્ફે મુન્ના બોહરા હોવાનું બહાર આવ્યું છે. આરોપી ઝડપાયા બાદ સામે આવ્યું કે, જે પ્લમ્બરે ઘરમાં હાજર મહિલાઓ પર જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી હતી એ પ્લમ્બર કોઈ અજાણ્યો નહીં, પરંતુ આ ડોક્ટર પરિવારનો વર્ષોથી જાણીતો પ્લમ્બર હતો. જ્યારે પણ બંગલામાં પ્લમ્બિંગની કામની જરૂર પડે ત્યારે પરિવાર આ પ્લમ્બરને જ રીપેરીંગ માટે બોલાવતા હતા.જોકે આજે ઘરમાં માત્ર બે મહિલાઓને જ એકલા હાજર જોઈ પ્લમ્બર પણ જાણે ગદ્દાર બન્યો અને તેની દાનત બગડી હતી. તેણે ચપ્પુથી બંને મહિલાઓ પર જીવલેણ હુમલો કરી અને લૂંટ ચલાવી ફરાર થઈ રહ્યો હતો.

"લોહપુરુષના પગલેઃ કરમસદથી એકતાનગર સુધીનો 'રાષ્ટ્રભક્તિનો રાજમાર્ગ'"

# રાષ્ટ્રીય એકતાના સંદેશને જન-જનના હૃદયમાં પુનઃસ્થાપિત કરવા તા. ૨૬ નવેમ્બરથી શરુ થશે રાષ્ટ્રીય પદયાત્રા (સરદાર @ ૧૫૦ : યુનિટી માર્ચ)

ભારતના દરેક નાગરિકમાં રાષ્ટ્રીય એકતા, સમરસતા, સહકાર, સ્વાભિમાન અને દેશપ્રેમની ભાવના વધુ પ્રજ્વલિત થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની સમગ્ર દેશમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવાની પ્રેરણ આપી છે. "આપણે સૌ ભારતીય છીએ અને ભારત આપણું છે. આપણે એક થઈને રહીશું તો જ પ્રગતિ કરી શકીશું." —સરદાર સાહેબના રાષ્ટ્રીય એકતાના આ સંદેશને જન-જનના હૃદયમાં પુનઃસ્થાપિત કરવા માટે સમગ્ર દેશમાં “સરદાર @૧૫૦: યુનિટી માર્ચ”નું આયોજન કરવામાં આવ્યું છે.

કલ્પના કરો ૧૯૪૭ના એ ભારતની, જ્યારે આઝાદીનો સૂરજ ઉગ્યો ત્યારે દેશ ૫૬૨ જેટલા નાના-મોટા રજવાડાઓમાં વહેંચાયેલો હતો. તે સમયે, પોતાની કુનેહ અને મક્કમ મનોબળથી સરદાર વલ્લભભાઈ પટેલે આશરે ૫૬૨ જેટલા રજવાડાઓને જોડીને એક 'અખંડ ભારત'નું નિર્માણ કર્યું હતું. જૂનાગઢ અને હૈદરાબાદ જેવા જટિલ પ્રશ્નો તેમણે જે ત્વરિત ગતિ અને મક્કમતાથી ઉકેલ્યા, તેણે સિદ્ધ કરી દીધું કે તેઓ સાચા અર્થમાં 'લોખંડી પુરુષ' હતા. તેમણે માત્ર ભૌગોલિક એકીકરણ જ ન કર્યું, પરંતુ દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે ભારતીય વહીવટી સેવાનું એવું મજબૂત માળખું ઘડ્યું, જે આજે પણ ભારતીય લોકશાહીની કરોડરજ્જુ બનીને અડીખમ ઊભું છે.

સરદાર સાહેબના જીવનના આવા જ પ્રેરણાદાયી અધ્યાયોને દેશના ખૂણે-ખૂણે ગુંજતા કરવા માટે ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરની પદયાત્રા “સરદાર @ ૧૫૦: યુનિટી માર્ચ”નું આયોજન કરવામાં આવ્યું છે. જે સરદારના પ્રારંભ અને તેમના વિરાટ વ્યક્તિત્વ વચ્ચેનો સેતુ બનશે. આ રાષ્ટ્રીય પદયાત્રા તા. ૨૬ નવેમ્બર – સંવિધાન દિવસના રોજ સરદાર પટેલના વતન કરમસદની પવિત્ર ભૂમિથી શરુ થઈને તા. ૦૬ ડિસેમ્બરના રોજ નર્મદા નદીના કિનારે બિરાજમાન સરદાર પટેલની વિરાટ પ્રતિમા – સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે પૂર્ણ થશે.

કરમસદથી એકતાનગર વચ્ચેનું આશરે ૧૫૨ કિલોમીટરનું અંતર માત્ર રસ્તો નહિ, પણ હવે રાષ્ટ્રભક્તિનો રાજમાર્ગ બનશે. ૧૧ દિવસ સુધી ચાલનારી આ યાત્રા આણંદ, વડોદરા અને નર્મદા જિલ્લાના ગામડાઓની ધૂળને પાવન કરતી આગળ વધશે. આ ઐતિહાસિક યાત્રામાં પ્રતિદિન ભારત સરકાર અને ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ સહિતના વિવિધ મહાનુભાવો અને દેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાં થી યુવાનો જોડાશે. પ્રત્યેક દિવસે અંદાજે ૧૫,૦૦૦થી વધુ દેશપ્રેમીઓનું ઘોડાપૂર આ યાત્રામાં જોડાઈને સરદાર સાહેબના જીવન આદર્શો અને સત્કાર્યોમાંથી નવી ઊર્જા મેળવશે. આ યાત્રા પૂર્વે રસ્તામાં આવતા ગામડાઓમાં સરદાર સાહેબના જીવન-કવન પરના સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો ઉપરાંત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ યાત્રાના પ્રત્યેક દિવસે બે ગામમાં – બે સરદાર ગાથા સભાનું આયોજન કરવામાં આવશે, જેમાં નામાંકિત વક્તાઓ દ્વારા સરદાર સાહેબના આદર્શો, મૂલ્યો અને સિદ્ધાંતોથી નાગરિકોને જાગૃત કરવામાં આવશે. સરદાર ગાથા સભામાં ગામના સાચા રત્નો – વયોવૃદ્ધ વડીલો, કુશળ કારીગરો, તેજસ્વી દીકરીઓ, દેશના રક્ષક સૈનિકો, પ્રગતિશીલ ખેડૂતો, સ્વાવલંબી મહિલાઓ અને શ્રેષ્ઠ ખેલાડીઓનું સન્માન કરીને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવશે. સાથે જ, સ્વદેશીના શપથ પણ લેવામાં આવશે.

ગાંધીજી અને સરદારના સ્વચ્છતાના આગ્રહને ધ્યાનમાં રાખીને, એક વિશેષ "કૃષ્ણ ટુકડી" કાર્યક્રમ સ્થળો અને રાત્રી રોકાણના સ્થળોની સફાઈ સુનિશ્ચિત કરશે, જેથી યાત્રા પાછળ માત્ર પ્રેરણાના પગલાં છોડી જાય, ગંદકી નહીં. આટલું જ નહિ, પદયાત્રાના પ્રત્યેક દિવસે એક થીમેટીક વર્કશોપ અથવા પ્રદર્શનીનું આયોજન કરવામાં આવશે. પદયાત્રાના રૂટ પર ખાદી તેમજ સરદાર સાહેબના જીવનને પ્રદર્શિત કરતા સહિતનું વેચાણ પણ કરવામાં આવશે. આ પદયાત્રામાં એક સરદાર સાહેબના જીવન આધારિત રથ તેમજ એક આત્મનિર્ભર ભારત / સ્વદેશી રથ જોડાશે. વધુમાં આ યાત્રાનો ઉદ્દેશ્ય માત્ર વર્તમાન પેઢી સુધી સીમિત નથી. જે જિલ્લાઓમાંથી આ યાત્રા પસાર થશે, ત્યાંની શાળા-કોલેજોમાં નિબંધ, વકતૃત્વ, ચિત્ર, નાટક અને ક્વિઝ જેવી સ્પર્ધાઓ દ્વારા નવી પેઢીને સરદારના વિચારોથી અવગત કરવામાં આવશે. “સરદાર @ ૧૫૦: યુનિટી માર્ચ” માત્ર એક પદસંચાલન ન રહીને, ઈતિહાસના ગૌરવને વર્તમાનના પુરુષાર્થ સાથે જોડીને ઉજ્જ્વળ ભવિષ્ય તરફ લઈ જનારી એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક કડી પૂરવાર થશે. ચાલો, આ રાષ્ટ્ર યજ્ઞમાં જોડાઈએ અને એક ભારત, શ્રેષ્ઠ ભારતના શપથને પુનઃ સાકાર કરીએ. આ પદયાત્રામાં ૧૫૦ 'કાયમી પદયાત્રીઓ'ને પણ સ્થાન અપાશે, જેઓ શરૂઆતથી અંત સુધી 'કાયમી પદયાત્રી' તરીકે યાત્રામાં જોડાશે. આ પદયાત્રીઓ સંપૂર્ણ યાત્રા દરમિયાન આશ્રમજીવન મુજબ વર્તશે અને પોતાનું કામ પોતે જ કરી સ્વાવલંબનનું પાલન કરશે. આ કાયમી પદયાત્રીઓની પસંદગી 'My Bharat' પોર્ટલના માધ્યમથી કરવામાં આવી છે. - નિતિન રથવી

મારાથી દબાણ સહન નથી થતું....

# પ.બંગાળમાં મહિલા BLOની સ્યુસાઈડ નોટ લખી આત્મહત્યા

### રિંકુ તરફદારે સ્યુસાઈડ નોટ છોડી છે, જેમાં મૃત્યુ માટે ચૂંટણી પંચ અને વહીવટી દબાણને જવાબદાર ઠેરવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

દેશમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા અને ચકાસણી (SIR)ની કામગીરી હવે જીવલેણ સાબિત થઈ રહી છે. કોડીનારમાં શિક્ષકની આત્મહત્યા અને વડોદરામાં ચૂંટણીલક્ષી કામગીરી દરમિયાન એક સહાયક BLO મહિલાનું ફરજ પર કરૂણ મોતની ઘટના હજું તો તાજી જ છે ત્યાં હવે વધુ એક BLOએ સ્યુસાઈડ નોટ લખી આત્મહત્યા કરી લીધી છે. પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં એક બૂથ લેવલ ઓફિસર (BLO)એ આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ રિંકુ તરફદાર તરીકે થઈ છે, જે કૃષ્ણનગરના શાસ્તીતલા વિસ્તારની રહેવાસી હતી. તેઓ છાપરા પોલીસ સ્ટેશન વિસ્તારના બંગાલઝી વિસ્તારમાં બૂથ નંબર ૨૦૨ પર BLO તરીકે તહેનાત હતા.

પરિવારે જણાવ્યું કે, રિંકુ તરફદારે આત્મહત્યા પહેલાં એક સ્યુસાઈડ નોટ છોડી છે, જેમાં તેણે કથિત રીતે પોતાના મૃત્યુ માટે ચૂંટણી પંચ અને વહીવટી દબાણને જવાબદાર ઠેરવ્યું છે. પરિવારે દાવો કર્યો છે કે વ્યવસાયે Para-Teacher હતી, તેમ છતાં રિંકુને કોઈપણ છૂટછાટ આપવામાં ન આવી અને BLOનો ભારે કાર્યભાર તેના પર લાદી દેવામાં આવ્યો.

સ્યુસાઈડ નોટમાં કથિત રીત લખ્યું છે કે, મેં મારું ૯૦% કામ પૂર્ણ કરી લીધું હતું પરંતુ ઓનલાઈન પ્રક્રિયા પૂરી ન કરી શકવાના કારણે હું ભારે તણાવમાં હતી. પરિવારનો આરોપ છે કે રિંકુ ઓનલાઈન કામમાં બહુ પારંગત નહોતી.

નોટમાં રિંકુએ લખ્યું કે, મારાથી વધારે પડતું દબાણ સહન નથી થતું. મને સ્ટ્રોક નથી જોઈતો. પરિવારના જણાવ્યા પ્રમાણે તે રાત્રે ૧૧ વાગ્યા સુધી સામાન્ય હતી, પરંતુ સવારે તે કામ કરી રહી હતી અને કદાચ દબાણને કારણે તે તૂટી ગઈ.

પરિવારના સભ્યોએ કહ્યું કે, એક સામાન્ય ગૃહિણી અને Para-Teacher પર આટલી મોટી જવાબદારી નાંખવી તે કેટલું વાજબી છે? ઉચ્ચ અધિકારીઓ કેમ સમજી નથી શકતા કે કયું વ્યક્તિ કેટલું કામ સંભાળી શકે છે? પરિવારે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસની માગ કરી છે. સ્થાનિક પોલીસ આ મામલે તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં રામ મંદિર માટે એક ખાસ ધજા બનાવાઈ

# અયોધ્યા રામ મંદિરમાં ખાતે ૨૫ નવેમ્બરે યોજાશે ધ્વજારોહણ સમારોહ

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

૨૫ નવેમ્બર ૨૦૨૫, મંગળવારના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં ધ્વજારોહણ સમારોહ યોજાશે. ધ્વજારોહણ સમારોહ પહેલા ગુજરાતમાં રામ મંદિર માટે એક ખાસ ધજા બનાવવામાં આવી છે. તે તાપ, વરસાદ અને ભારે પવન સહિત તમામ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવા સક્ષમ છે. રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર ૪૨ ફૂટ ઊંચા ધ્વજારોહણ સ્તંભ પર ધજા ફરકાવવામાં આવશે, જે ૩૬૦ ડિગ્રી ફરતી ઘંટવંદન ટેકનોલોજી પર બનેલ છે, જેથી ધજા જોરદાર પવન દરમિયાન પણ લહેરાતી રહે. રામ મંદિરના શિખર પરની ધજા ૨૨ ફૂટ લાંબી અને ૧૧ ફૂટ પહોળી છે, જે પેરાશૂટ ફેબ્રિક અને પ્રીમિયમ સિલ્ક સાટિનથી બનેલી છે. આ ધજા ગુજરાતના દસાડા સ્થિત ૮૦ વર્ષ જૂની કંપનીની ટીમ દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. કારીગર રાકેશ મેટકરની આગેવાની હેઠળ સાતથી આઠ લોકોએ ધજાનું ભરતકામ, આંતરિક અસ્તર અને સિલાઈ પૂર્ણ કરી. કંપનીના માલિક કશ્યબ મેવાડાએ જણાવ્યું હતું કે કાપડના ત્રણ સ્તરો અને મજબૂત દોરાથી બનેલી ધજા ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો કરી શકે છે.રામ મંદિરના નિર્માણમાં ગુજરાતી કલા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મંદિરની ડિઝાઈન અમદાવાદના પ્રખ્યાત આર્કિટેક્ટ ચંદ્રકાંતા સોમપુરા દ્વારા કરવામાં આવી છે. સુરતના કારીગરોએ સુંદર ગણેશ પંડાલનું મોડેલ તૈયાર કર્યુ હતું, અને સુરતના એક હીરાના વેપારીએ ભગવાન રામની મૂર્તિ માટે ૬ કિલો (આશરે ૧૧ કરોડ રૂપિયા) વજનનો મુગટ દાન કર્યો હતો. ધ્વજારોહણ સમારોહ દરમિયાન અચાનક તબિયત બગડે તો રામ ભક્તોને આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે આરોગ્ય વિભાગે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મુખ્ય તબીબી અધિકારી સુશીલ કુમાર બાનિયાને અંતિમ યાદી જાહેર કરી છે. કુલ ૧૮ સ્થળોએ આરોગ્ય શિબિરો ગોઠવવામાં આવશે. નવ ડોકટરો અને સ્ટાફ ત્રણ શિફ્ટમાં ફરજ પર રહેશે, જેમાં ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓની અછતને પહોંચી વળવા માટે વિભાગના અન્ય ચાર જિલ્લાઓમાંથી ૫૫ ડોકટરો, ફાર્માસિસ્ટ અને વોર્ડ બોય તૈનાત રહેશે. આ મોટી સંખ્યામાં અડધી વસ્તીનો પણ સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ જન્મભૂમિ મંદિરમાં ધ્વજારોહણ કરશે. દેશ અને વિદેશમાંથી હજારો રામ ભક્તો ધ્વજારોહણ સમારોહના સાક્ષી બનશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# બાવળાના મેટાલ અને રાજવાળા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમમાં ખેડૂતોએ વિશેષ માર્ગદર્શન મેળવ્યું

## ખેડૂતોને પ્રાકૃતિક ખેતીથી આત્મનિર્ભર બનાવી તંદુરસ્ત પાકનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા

બાવળા તાલુકાના મેટાલ ગામ અને રાજવાળા ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત પ્રયાસોથી પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજવામાં આવી હતી. મેટાલ અને રાજવાળા ગામમાં યોજાયેલ આ તાલીમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને રવિપાકની પૂર્વ તૈયારી, જુદા-જુદા રવિપાકના બિયારણના દર, યોગ્ય પિયત પદ્ધતિ અને નિંદામણ નિયંત્રણની પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, આચ્છાદન (મલ્ચિંગ) અને વાપસા (એરેશન)નું મહત્ત્વ સમજાવીને ખેડૂતોને રસાયણમુક્ત ખેતી તરફ વળવા માટે પ્રેરિત કર્યા હતા. આ તાલીમનો મુખ્ય હેતુ ખેડૂતોને આત્મનિર્ભર બનાવીને તંદુરસ્ત પાકનું ઉત્પાદન કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. વધુમાં, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવતા કરવાના હેતુથી પ્રાકૃતિક કિચન ગાર્ડન અંગે પણ વિશેષ માહિતી આપવામાં આવી હતી. દરેક ખેડૂત પોતાના ઘર આંગણે, વાડામાં કે ખેતરના પાળા ઉપર પ્રાકૃતિક રીતે શાકભાજી



ઉગાડીને પોતે ખાઈ શકે અને ધીમે ધીમે કરી મોટા પાયે પ્રાકૃતિક ખેતી તરફ વળી શકે તે માટે શિયાળામાં થતાં વિવિધ ૧૫ પ્રકારના શાકભાજીના બિયારણની કીટનું ખેડૂતોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે, ખેડૂતોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપીને આ માહિતીસભર તાલીમનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજયભાઈ સોલંકી, શ્રી ભાવિકભાઈ અને ગામનાં અન્ય આગેવાનો તથા ખેડૂતો હાજર રહ્યાં હતાં.

### દીકરી-જમાઈના ઘરકંકાસથી સસરાનો પિત્તો ગયો!

# સુરતના ચોક બજારમાં યુવકની તેના જ સસરાએ છરીથી જાહેરમાં હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

ક્રાઈમ સિટી સુરતમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં એક દીકરીના પિતાએ પોતાના જમાઈની તીક્ષ્ણ હથિયારથી ગળું રહેંસી નાખી બર્બરતાપૂર્વક હત્યા કરી નાખી છે. આ ઘટનાએ આખા વિસ્તારમાં દહેશત ફેલાવી દીધી છે. પોલીસને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર, મૃતક રાહુલ(નામ બદલ્યું છે)ને તેના જ સસરાએ મોતને ઘાટ ઉતારી દીધો છે. રાહુલ અને તેની પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. જેની વાત રાહુલના સસરા પાસે પહોંચતા તેઓ રોષે ભરાયા હતા, જમાઈ રાહુલ તેમની દીકરીને અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપતો હોવાની જાણ થતા જ સસરા ભાન ભૂલ્યા હતા અને જમાઈને મોતને ઘાટ ઉતારી દીધો છે. જમાઈ રાહુલ સુરતના ચોક બજાર વિસ્તારમાં ફરી રહ્યો હતો, ત્યારે તેના સસરાએ જાહેરમાં ભરબજારે તેના પર ધારદાર છરી વડે તૂટી પડ્યા હતા. જેથી રાહુલને ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે ઢળી પડ્યો હતો અને મોતને ભેટ્યો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ બૂમાબૂમ કરતા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ચોક બજાર પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો અને ગુસ્સામાં લોહીલુહાણ હાલતમાં રહેલા આરોપી સસરાને કાબૂમાં લઈ અટકાયત કરી લીધી છે. આ હત્યામાં વપરાયેલું હથિયાર પણ પોલીસે કબજે કર્યું છે. હાલ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને રાહુલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો છે અને આરોપી સસરા સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. ત્યારે આ ઘટનાએ ફરી એક વખત પારિવારિક કલેશ અને ઘરેલુ હિંસાના પરિણામે થતી હત્યાઓનો મુદ્દો ઉજાગર કર્યો છે.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની પહેલથી ઉદ્યોગ ક્ષેત્રનું ચિત્ર બદલાયું

# કચ્છ-સૌરાષ્ટ્રની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ઝળહળશે ગુજરાતનું સિરામિક હબ મોરબી

**વિશ્વના બીજા સૌથી મોટા સિરામિક હબ મોરબીનું લક્ષ્ય હવે વૈશ્વિક બજારમાં અગ્રેસર બનવાનું, VGRCથી રોકાણ અને નિકાસની સંભાવનાઓ વધશે**

ગુજરાતના સૌરાષ્ટ્ર ક્ષેત્રનું મોરબી આજે સિરામિક ઉદ્યોગના વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઉભરી રહ્યું છે. મોરબી વિશ્વનું બીજું સૌથી મોટું સિરામિક ઉત્પાદન હબ છે, જ્યાં ૮૦૦થી વધુ સિરામિક યુનિટ વૈશ્વિક બજારોમાં નિકાસ કરે છે. ક્ષેત્રના વિકાસમાં મોરબીના સિરામિક ઉદ્યોગનો ફાળો નોંધનીય છે અને આ રીતે તે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭ના વિઝનમાં પણ યોગદાન આપી રહ્યું છે તેમજ વધતી વૈશ્વિક માંગને પણ પૂર્ણ કરી રહ્યું છે.

**ભારત-યુકે મુક્ત વ્યાપાર કરાર અને નિકાસ**

ભારત સિરામિક ઉત્પાદનોનો છઠ્ઠો સૌથી મોટો નિકાસકાર દેશ છે, જેમાં મોરબીનો ફાળો મુખ્ય છે. ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ ભારત-યુકે વ્યાપક આર્થિક અને વ્યાપાર કરાર (CETA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે ગુજરાતના ઉદ્યોગો, ખાસ કરીને મોરબી સિરામિક ક્લસ્ટર માટે મહત્વપૂર્ણ સાબિત થયો છે. આ કરાર મુખ્ય ભારતીય નિકાસ માટે શૂન્ય-ડ્યુટી અને ટેરિફ-મુક્ત ઍક્સેસ સુનિશ્ચિત કરે છે.

છેલ્લા ૩-૪ વર્ષમાં ભારતમાંથી યુકેમાં સિરામિક નિકાસ ત્રણ ગણી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૧૦ મિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે, જેમાં મોરબીનો ૬૫% ફાળો (૭૧.૬ મિલિયન ડોલર) છે. ઉલ્લેખનીય છે કે, યુકેમાં પોર્સેલિન સ્લેબ, ટાઈલ્સ અને ક્વાર્ટ્ઝ ઉત્પાદનો જેવી પ્રીમિયમ બાંધકામ સામગ્રીની માંગ વધી રહી છે, જેને ભારત પૂરી કરી રહ્યું છે.

વધી રહેલાં શહેરીકરણ, સરકારની હાઉસિંગ યોજનાઓ અને સ્વચ્છ ભારત મિશન જેવા પરિબળોના કારણે સિરામિક ક્ષેત્રમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે. મોરબીમાં વૉલ-ટાઈલ્સ, ફ્લોર-ટાઈલ્સ અને બાથરૂમ એક્સેસરીઝ સહિત સિરામિક અને સૅનિટરીવેરનું ઉત્પાદન થાય છે. ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે મોરબીને સિરામિક ટાઈલ્સ અને સૅનિટરીવેર માટે "ટાઉન ઑફ એક્સપોર્ટ એક્સેલન્સ (TEE)"નો દરજ્જો આપ્યો છે. મોરબી સિરામિક ક્લસ્ટર મૅન્યુફેક્ચરિંગ યુનિટ (ઉત્પાદન એકમો)માં આશરે ૩.૫ લાખ વ્યક્તિઓને સીધી રોજગારી આપે છે અને લગભગ ૧૦ લાખ લોકોને પરોક્ષ રોજગાર પૂરો પાડે છે. આ ઉદ્યોગે લૉજિસ્ટિક્સ, પેકેજિંગ, કાચા માલનો પુરવઠો વગેરે જેવા સહાયક ઉદ્યોગોમાં પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારની તકો ઊભી કરી છે. તેનાથી સ્થાનિક લોકો અને અન્ય રાજ્યોના કામદારો માટે પણ રોજગારીનું સર્જન થયું છે.

**VGRCથી મોરબીમાં રોકાણ અને નિકાસની સંભાવનાઓ વધશે**

મોરબી સિરામિક ક્લસ્ટર એક પ્રાદેશિક ઉદ્યોગમાંથી મુખ્ય વૈશ્વિક નિકાસકાર બન્યું છે. આ પ્રગતિ થવાના કારણે ગુજરાત આજે એક પસંદગીનું રોકાણ સ્થળ બની ગયું છે અને "મેડ ઈન મોરબી" વૈશ્વિક બ્રાન્ડ બની ગઈ છે. ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સૌપ્રથમ વખત યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટથી આ ઉદ્યોગને ઘણો ફાયદો થયો છે. હવે વાઈબ્રન્ટ ગુજરાત સમિટના વિઝનને આગળ વધારતાં ગુજરાત સરકાર ૮-૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાજકોટ ખાતે કચ્છ-સૌરાષ્ટ્ર પ્રદેશની રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવા જઈ રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વધુમાં વધુ રોકાણ આકર્ષવાનો અને સ્થાનિક ઉદ્યોગસાહસિકોની ક્ષમતા અને પ્રતિભાને ઉજાગર કરવાનો છે. આ કોન્ફરન્સના માધ્યમથી મોરબી વિશ્વ મંચ પર ઉજાગર થશે અને સિરામિક ક્લસ્ટર વધુ મજબૂત બનશે.

# વડોદરામાં ફતેગંજ ચાર રસ્તા પાસે ડ્રેનેજમાં બ્લાસ્ટ બાદ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા ફતેગંજ વિસ્તારમાં મહારાણા પ્રતાપસિંહના સ્ટેચ્યુ સામે કોર્નર પર ડ્રેનેજમાં બ્લાસ્ટ થયાં બાદ આગ લાગી હતી. જેના કારણે રોડ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકો સહિતના લોકોમાં ભયનો ફેલાયો હતો. ફાયરબ્રિગેડના જવાનોએ તુરંત સ્થળ પર દોડી આવી પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવી લેતા લોકોને હાસકારો થયો હતો.

વડોદરા શહેરના ફતેગંજ ચાર રસ્તા ખાતે મહારાણા પ્રતાપસિંહના સ્ટેચ્યુ સામે મુખ્ય માર્ગ ઉપર આવેલી ડ્રેનેજમાં એક મોટા અવાજ સાથે બ્લાસ્ટ થયો હતો અને આગ લાગી હતી.

રોડ પર આવેલી ગટરમાંથી આગની અગન જ્વાળાઓ નીકળતા લોકોમાં ભયનો ફેલાયો હતો. જેની જાણ વડોદરા ફાયર બ્રિગેડને કરાઈ હતી. જેના કારણે તાત્કાલિક દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો સતત મારો ચલાવીને આ આંખ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. દાંડિયા બજાર ફાયર સ્ટેશનના જમાદાર તિલકસિંગ રાઠોડે નરહરિ હોસ્પિટલ સામે ચાર રસ્તા પર ગટર લાઈનમાં આગ લાગી હતી. જેઓ એમને કોલ મળ્યો કે તુરંત અમે આવીને કામગીરી શરૂ કરી હતી ગટરમાં બ્લાસ્ટ પણ થયો હતો. નજીકમાં જ પંપિંગ સ્ટેશન આવેલું હોવાથી આગ પર કંટ્રોલ કરી લીધો હતો. કોઈ જાનહાનિ થઈ નથી. ગટરમાંથી ગેસ સળગી રહ્યો હતો. ગટરમાં ગેસ હોય છે જે જ્વલંતશીલ હોય છે. કોઈની અવરજવર દરમિયાન સ્પાર્ક થયો હશે, એટલે આગ પકડાઈ ગઈ હોય તેવી શક્યતા જણાઈ રહી છે.

# સુરતના ચાય પાર્ટનર કેફેમાં મહિલા ડોક્ટરનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત પ્રાઈવેટ ફિઝિયો ક્લિનિક ધરાવતી રાધિકા કોટડીયા નામની યુવતીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. સરથાણા જકાતનાકાના ચાઈલટ પાર્ટનર કાફેમાં એકલા ગયા બાદ ફિઝિયોથેરાપિસ્ટે નવમા માળેથી ઝંપલાવીને મોત વ્હાલુ કર્યું. રાધિકા કોટડીયા પોતાનું પ્રાઈવેટ ફિઝિયો ક્લિનિક ધરાવે છે. હોસ્પિટલમાં રાધિકાને સારવાર માટે લઈ જવામાં આવી હતી, સારવાર દરમિયાન તેનું કરુણ મોત નિપજ્યું છે. રાધિકાની છે મહિના પહેલા એક યુવક સાથે સગાઈ થઈ હતી અને ૧૯ ફેબ્રુઆરીના રોજ લગ્ન લેવાયા હતા. રાધિકા રોજ પોતાના મંગેતર સાથે સુરતના ચાય પાર્ટનર કેફેમાં જતી હતી. ૨૧ નવેમ્બરના રોજ પણ તે પોતાના રુટિન મુજબ સાંજે ૭.૧૫ કલાકે કેફેમાં ગઈ હતી. બધા કપલ મસ્તીની પળ માણી રહ્યા હતા ત્યારે રાધિકા અચાનક ઉભી થઈ હતી, અને નવમા માળે આવેલા કેફેની બાલ્કનીમાંથી સીધું નીચે ઝંપલાવી દીધું હતું. રાધિકાનો પરિવાર મૂળ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાનો રહેવાસી છે. જે સુરતના સરથાણા વિસ્તારમાં રહે છે. જમનભાઈ કોટડીયાના ૨૮ વર્ષીય દીકરી રાધિકાએ આવું પગલું કેમ ભર્યું તે પરિવાર માટે પણ શોકિંગ બાબત છે. કોટડિયા પરિવારમાં માતાપિતા, એક દીકરો-દીકરી છે. જમનભાઈ હીરાના કારખાનામા રત્ન કલાકાર તરીકે કામ કરે છે. તેમજ રાધિકા પોતાનું ફિઝિયો ક્લિનિક પણ ચલાવે છે. રાધિકાએ કેમ મોતનું પગલું ભર્યું તે હજી જાણી શકાયું નથી. દીકરીના મોતના પગલે કોટડીયા પરિવારમાં માતમ છવાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ડોક્ટર રાધિકાએ મંગેતર સાથેના અણ બનાવોના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, હાલ સુરત પોલીસ કારણ જાણવાની દિશામાં તપાસ કરી રહી છે.

### રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વાહનચાલકોની વધુ સુગમતા અને સલામતીને પ્રાથમિકતા

# વિવિધ માળખાગત સુવિધાઓ અને માર્ગ સલામતીના કાર્યો ઝડપથી પૂર્ણ કરવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ વિભાગ કટિબદ્ધ

અમદાવાદ શહેર અને જિલ્લામાંથી પસાર થતા મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા માર્ગોને રિપેર કરવાની તથા મુસાફરોની સુવિધા અને સલામતીના કામો ઝડપથી પૂર્ણ કરવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ અમદાવાદ વિભાગ સતત પ્રયાસરત છે.નેશનલ હાઈવે **NH147, NH58 અને NH168G** પર અલગ-અલગ વિસ્તારોમાં વરસાદથી પ્રભાવિત તેમજ અન્ય કારણોસર ક્ષતિ પામેલા તેમજ નિર્માણ હેઠળ રહેલા માર્ગો અને ઓવરબ્રિજ પર પેચવર્ક અને મરામતની કામગીરી પૂરજોશમાં પ્રગતિમાં છે.ચિલોડા ગાંધીનગર સરખેજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર સરગાસણથી વૈષ્ણોદેવી સેક્શનમાં દિવાળી બાદ થયેલ કમોસમી વરસાદના લીધે રસ્તાની સપાટીને થયેલ નુકશાન અન્વયે તેમજ દિવસ દરમિયાન સતત ચાલુ રહેતા વાહનવ્યવહારને ધ્યાને લઈ ડામર પેચવર્કની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા કામગીરી હાથ ધરવામાં આવી છે. ચિલોડા ગાંધીનગર સરખેજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૪૭ પર ઈસ્કોનથી સાણંદ ફ્લાયઓવર સેક્શનમાં વાહનચાલકોની સુગમતાના હેતુથી અંદાજે ૪ કિમી.ના એલિવેટેડ કોરિડોરની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગુજરાત બોર્ડર આંતરસુબા વડાલી ધરોઈ સતલાસણા ખેરાલુ પાલનપુર રોડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૮ પર ખેરાલુ પાલનપુર સેક્શનમાં રસ્તાની સપાટીને થયેલ નુકશાન અન્વયે તથા વાહનચાલકોની સલામતી અને સુગમતાના હેતુથી ડામરના પેવર પટ્ટા, સાઈડ શોલ્ડર, રસ્તાની સફાઈ, જંગલ કટીંગ, રોડ ફર્નીશિંગ આઈટમની કામગીરી યુદ્ધના ધોરણે પ્રગતિ હેઠળ છે. બોડેલી -ભિલોડા -શામળાજી રોડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ **168S** પર અપગ્રેડેશન તથા મજબૂતીકરણ અંતર્ગત ડામરકામની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે.

# પંચમહાલ જિલ્લામાં BLOની કામગીરી કરતા શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

હાલ રાજ્યમાં **SIR** અંતર્ગત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહી છે. **BLO**ની કામગીરી સરકારી શિક્ષકોને સોંપવામાં આવી છે. જેનાથી શિક્ષકો માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે. આવામાં **BLO** ની કામગીરી કરતા ૪ શિક્ષકોના મોત પણ થયા છે. જેમાં એક શિક્ષકે આત્મહત્યા તો અન્ય ત્રણ શિક્ષકોના મોત હાર્ટ એટેકના કારણે થયા છે. આવામાં વધુ એક શિક્ષક દ્વારા આત્મહત્યાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે.

પંચમહાલ જિલ્લામાં **BLO**ની કામગીરી કરતા શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી છે. ગોધરાના શિક્ષકે આત્મહત્યાની ચીમકી ઉચ્ચારતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ શિક્ષકનો આરોપ છે કે, તેને અધિકારીઓ દ્વારા **BLO**ની કામગીરીને લઈને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. આ શિક્ષકે સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ કરતા શિક્ષણ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ વિડિયો વાયરલ બાદ પીડિત શિક્ષકને સમજાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. આ વિડિયોમાં શિક્ષકે ધારાસભ્ય સી. કે. રાઉલજીને પણ રજૂઆત છે.

ગોધરાના શિક્ષક વિનુભાઈ બામણીયાએ તંત્રના જવાબદાર અધિકારીઓ માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે આત્મહત્યાની ચિમકી ઉચ્ચારી છે.

શિક્ષકો મોડીરાત્ર સુધી એસઆઈઆરની કામગીરી કરતા હોવા છતાં જવાબદાર તંત્રના અધિકારીઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હોવાનો આક્ષેપ પણ આ શિક્ષક દ્વારા કરવામાં આવ્યો છે.

ગોધરાના ધારાસભ્ય સી કે રાઉલજી દ્વારા **BLO** સાથે સહાયક **BLO**ની નિમણૂક તંત્ર દ્વારા કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. **SIR**ની કામગીરી માટે **BLO** સાથે સરપંચ, નગરપાલિકાના સભ્યો તેમજ સૌ કાર્યકરો સાથ આપશે, તેવો દિલાસો પણ આપવામાં આવ્યો છે.

### ડૉક્ટર દ્વારા સમયસર સિઝેરિય ન કરવાના કારણે બાળકનું મૃત્યુ થયું છે

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકનું સારવાર દરમિયાન મોતઃ ડૉક્ટરની બેદરકારીથી મોતનો આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે બાદ હોસ્પિટલમાં મૃત દર્દીના પરિવાર દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. પરિવાર દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હતો કે, આ બાળકનું મોત ડૉક્ટરની બેદરકારીના કારણે થયું છે.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં એક બાળકને સારવાર અર્થે લાવવામાં આવ્યું હતું આ કાલસારીના બાળકનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે કારણે પરિવારમાં શોક ફેલાયો હતો. આ દરમિયાન પરિવારજનો દ્વારા હોસ્પિટલ સ્ટાપ પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા.પીડિતાના સગા ભાનુબેન સાગઠીયાએ જણાવ્યું હતું કે, અમારા સગાની મહિલાની ડિલિવરી કરવા માટે લાવવામાં આવ્યા હતા. તેમનું સીસેક્શન કરાવવું પડે તેમ હતું છતા ડૉક્ટર દ્વારા તે કરવામાં આવ્યું ન હતું. અમને વિસાવદરથી અહિંયા રિફર કરવામાં આવ્યા હતા. ઘણી દીકરીઓને બાથરૂમ કરતા સમયે હોસ્પિટલમાં ડિલિવરી થઈ જાય છે. આ લોકો ધ્યાન આપતા નથી. હોસ્પિટલ સ્ટાફને ફરિયાદ કરીએ તો તેઓ ખાનગી હોસ્પિટલમાં જતા રહેવા જણાવે છે. ડૉક્ટર દ્વારા સમયસર સિઝેરિય ન કરવાના કારણે અમારા બાળકનું મૃત્યુ થયું છે.આ સામે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગના હેડ પ્રિયંકા જોગિયા દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે, આ કેસ મંજુલાબેન રાઠોડને ત્રીજી ડિલિવરી માટે વિસાવદરથી રિફર કરવામાં આવ્યા હતા. આ બાળક પેટમાં મળ કરી ગયેલ હોવાથી અમે સિઝર કરીને બાળકને જીવિત બાહાર કાઢ્યું હતું. બાળકના શરૂઆતથી જ ધબકારા ઓછા હતા. અમે આ બાળકને બાળક વિભાગમાં રિફર કરી દેવામાં આવ્યું હતું.

વધુમાં પ્રિયંકા જોગિયાએ જણાવ્યું હતું કે, અન્ય જેતપુરના દર્દીના કિસ્સામાં બળકનું મોત પેટમાં જ થયેલ હતું. આવા કેસમાં અમે સામાન્ય રીતે ૨૪થી ૩૬ કલાક સુધી રાહ જોઈએ તો માતાને કોમ્પ્લિકેશન આવતા નથી. આવામાં અમે દર્દીને રાહ જોવા માટે સમજાવેલ પરંતું તેઓ રાહ જોવા તૈયાર ન હતા. જેથી તેઓ ખાનગી દવાખાનામાં જતા રહ્યા હતા. ડૉક્ટર કે સ્ટાફની બેદરકારીની વાત ખોટી છે. આ હોસ્પિટલમાં મહિનાની ૫૦૦થી વધારે ડિલિવરી થાય છે. જેમાંથી ૩૦૦થી વધુ સિઝિરિયન હોય છે. હાલ ૧૨૦૦ દર્દીઓ ઈનડોર છે. જ્યારે તેમને એક દિવસમાં ત્રણથી ચાર બાળકોના મોતના આક્ષેપ અંગે જાણ કરવામાં આવતા તેમણે આ બાબતની જાણ ન હોવાનું કહ્યું હતું.

# ધ્રાંગધ્રા તાલુકાનાં ગંજેળા અપ્રોચ રોડનું રિસરફેસીંગ કાર્ય કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

ગુજરાત સરકારનું લક્ષ્ય છે કે ગ્રામ્ય વિસ્તારોમાં શ્રેષ્ઠ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવે, ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા તાલુકામાં આવેલા ગંજેળા અપ્રોચ રોડના રિસરફેસીંગનું કાર્ય કરવામાં આવ્યું છે. નવીન સપાટીના કારણે હવે વાહનોની અવરજવર વધુ સરળ, ઝડપી અને આરામદાયક બનશે. ગંજેળા ગામને જોડતા આ અપ્રોચ રોડનું રિસરફેસીંગ થવાથી આસપાસના ખેડૂતોને પોતાના પાકને બજાર સુધી પહોંચાડવામાં સગવડતા રહેશે. વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો માટે પણ આ માર્ગ પરની મુસાફરી હવે ઓછા સમયમાં અને સલામત રીતે પૂર્ણ થઈ શકશે. સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામજનોને આધુનિક અને ટકાઉ માર્ગ સુવિધા પૂરી પાડીને સ્થાનિક વિકાસને વેગ આપવા હેતુ, દૂધરેજ ખોડું વેળાવદર રોડ પર આવેલા દૂધરેજ ગામતળ વિસ્તારમાં સી.સી. (સિમેન્ટ કોંક્રિટ) રોડની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીથી દૂધરેજ ખોડું અને વેળાવદર રોડ વચ્ચેના જોડાણને વધુ મજબૂત અને સુગમ બનાવવામાં આવશે, જે પરિવહન અને અવરજવર માટે અત્યંત લાભદાયી નીવડશે.

પશ્ચિમ રેલ્વે
અમદાવાદ વિભાગ

**2 લિફ્ટ માટે CAMC પૂરું પાડવું**

ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક - Sr.DEE/ADI/34(25-26) તારીખ-21.11.2025 ટેન્ડર ક્રમાંક: EL-50-1-ADI-T-43-2025-26 કામનું નામ: કટોસન રોડ - કટોસન રોડ સ્ટેશન પર PF નં. 2 અને 3 અને PF નં. 4 પર 2 લિફ્ટ માટે CAMC પૂરું પાડવું 3 વર્ષ માટે. અંદાજિત કિંમત: રૂ. 10,69,518.30 EMD: રૂ. 21,400/- જમા કરાવવાની તારીખ અને સમય: 15:00 કલાક પછી નહીં. તા. 18.12.2025 ખુલવાની તારીખ અને સમય: તા.18.12.2025 ના બપોરે 15.30 કલાકે. ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, D.R.M. ઓફિસ (W.R.), ચામુંડા પુલ પાસે; G.C.S. હોસ્પિટલની સામે, નરોડા રોડ,અમદુપુરા,અમદાવાદ-382345. વેબસાઇટ વિગતો: www.ireps.gov.in

ADI 209

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# નર્મદા જીલ્લામાં બેંકના પૂર્વ કેશિયર ઓફિસરે કૌભાંડ આચર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજપીપળા


રાજપીપળા એસ.બી.આઈની મુખ્ય બ્રાન્ચ ખાતે નોકરી કરતા અને બાદમાં છોટાઉદેપુર જિલ્લાના નસવાડી શાખામાં બદલી થયેલ કેસ ઓફિસરે રાજપીપળાના વિવિધ એટીએમ માં ૧.૯૩ કરોડ રૂપિયા નું કૌભાંડ કરી નાખ્યું હતું.

પોલીસ ફરિયાદ થઈ છે જેમાં જણાવ્યું છે કે, એસ.બી.આઈ શાખાના વોટસએપ ગ્રુપમાં એવો મેસેજ આવ્યો હતો કે સંતોષ ચાર રસ્તામાં એટીએમ આઉટ ઓફ સર્વિસનો મેસેજ આવે છે.આ બાબતે હાલમાં કેસ ઓફિસરે તપાસ કરતા એટીએમમાં ૪.૩૮ લાખ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૨૩,૨૭,૮૬૦ રૂપિયા બતાવતા હતા.અને અન્ય એટીએમ માં ૯,૫૩,૮૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૪૦,૮૮,૩૦૦ રૂપિયા બતાવતા હતા.આ બાબતે અગાઉના કેસ ઓફિસર કે જેમની હાલ નસવાડી શાખામાં બદલી થઈ ગઈ છે એ બાંગબોય દેબદાસ ચક્રવર્તીની પૂછતાછ કરતા જણાવ્યું હતું કે ટેકનિકલ પ્રોબ્લેમ હશે.ત્યારબાદ રાજપીપળાના સ્ટેશન રોડના એટીએમ માંથી ૨૬૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૩૯,૯૮,૫૦૦ રૂપિયા તથા પોઈચા ખાતેમાં એટીએમ માં ૩૭૦૦ રૂપિયા મળી આવ્યા હતા જ્યારે સિસ્ટમમાં ૫૧,૬૪,૪૦૦ રૂપિયા બતાવતા હતા. જે બાદ મેનેજરે ૧૪/૧૧/૨૦૨૫ સુધીના તમામ વેહવારો એટીએમ માં ચેક કરતા ૧,૯૩,૫૫,૩૦૦ રૂપિયા સિસ્ટમમાં બતાવવા છતાં ફિઝિકલ એટલા રૂપિયા મળી આવ્યા ન્હોતા. આ બાબતે પોલીસે તપાસ કરતા બાંગબોય દેબદાસ ચક્રવર્તીએ પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી દઈ રાજપીપળા બ્રાંચ પર ખુલાસા માટે આવ્યા પણ ન હતા.

### કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલની મુલાકાત લીધી

# "કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ": કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫ની મુલાકાત લીધી હતી. 'વાંચે ગુજરાત ૨.૦'ની થીમ સાથે યોજાયેલા આ સાહિત્યિક મહાકુંભમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ હાજરી આપી હતી. બુક ફેસ્ટિવલના સ્થળે, મંત્રીશ્રીએ હસ્તાક્ષર દીવાલ (સિગ્નેચર વોલ) પર પોતાનો વિશેષ પ્રતિભાવ લખ્યો હતો. આ પ્રતિભાવ દ્વારા તેમણે કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદની તૈયારીઓને બિરદાવી હતી.





તેમણે સિગ્નેચર વોલ પર લખ્યું હતું કે: "કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ."

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે બુક ફેરના વિવિધ સ્ટોલ્સની રૂબરૂ મુલાકાત લીધી હતી અને પુસ્તકો પ્રત્યે પોતાનો વિશેષ લગાવ વ્યક્ત કર્યો હતો. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત વિવિધ શાળાઓના બાળકો સાથે આત્મીય વાર્તાલાપ કર્યો હતો અને તેમને વાંચનનું મહત્વ સમજાવી પ્રોત્સાહિત કર્યા હતા. બાળકો સાથેના આ સંવાદે મહોત્સવમાં એક ઉષ્માભર્યો માહોલ સર્જ્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), નેશનલ બુક ટ્રસ્ટ (NBT) ઈન્ડિયા અને કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના સંયુક્ત આયોજન હેઠળ ૧૩ થી ૨૩ નવેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આ ૧૧-દિવસીય મહોત્સવ યોજાઈ રહ્યો છે. લગભગ ૧ લાખ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં ફેલાયેલ આ ફેસ્ટિવલમાં દેશભરના પ્રકાશકોના ૩૦૦ થી વધુ સ્ટોલ્સ છે અને બાળકોથી લઈને વૈશ્વિક વિચારકો માટે ૩ વિશિષ્ટ ઝોન બનાવવામાં આવ્યા છે. નિઃશુલ્ક પ્રવેશ સાથે દરરોજ સવારે ૧૧ થી રાત્રે ૯ સુધી ચાલતા આ મહોત્સવમાં પુસ્તકોની ખરીદી, વર્કશોપ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને બૌદ્ધિક ચર્ચાઓનું સંકલન કરીને અમદાવાદને વૈશ્વિક નકશામાં સાહિત્યને વિશેષ સ્થાન અપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બુક ફેસ્ટિવલનું ઉદ્ઘાટન ૧૩ નવેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં થયું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની મુલાકાત પ્રસંગે ગુજરાત સરકારના મંત્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી અને શ્રી ઋષિકેશ પટેલ, રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# મેલોડી મેકર્સ ગ્રૂપે 'મ્યુઝિક મોજ મસ્તી' સાથે નવા વર્ષની શાનદાર શરૂઆત કરી!





મેલોડી મેકર્સ એ દીપાવલી પછી આ નવા વર્ષમાં તેમના કાર્યક્રમોની શરૂઆત 'મ્યુઝિક મોજ મસ્તી' ટાઈટલ સાથે કરી અને શ્રોતાઓના દિલ જીતી લીધા. ગીત-સંગીતના આ શાનદાર કાર્યક્રમમાં તમામ કલાકારોએ એકથી વધુ ચડિયાતી પ્રસ્તુતિઓ આપી. મેલોડી મેકર્સ ગ્રૂપનો પ્રયાસ હંમેશા એવો હોય છે કે ઉંમર ગમે તે હોય, કલાકારને સન્માન અને એક સારું પ્લેટફોર્મ (મંચ) મળે. સાથે જ, કલા પ્રત્યે સમર્પણની ભાવના ધરાવતા શ્રોતાઓને ધ્યાનમાં રાખીને જ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે. પોતાના નવમા વર્ષમાં મેલોડી મેકર્સ ગ્રૂપ આ જ પ્રયાસોમાં સતત અને સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે.

# પાદરાના ભોજ ગામે ફરજ પરના BLOની તબિયત લથડી

### તબિયત અચાનક લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ભોજ ગામે આજે સવારે મતદાર યાદી સુધારણાની કામગીરી દરમિયાન એક ચિંતાજનક ઘટના બની હતી.

ફરજ બજાવતા બ્લોક લેવલ ઓફિસર (BLO)ની તબિયત અચાનક લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર BLO ભોજ ગામમાં પોતાની નિયત ફરજ બજાવી રહ્યા હતા. તેઓ મતદાર યાદીની ચકાસણી માટે ડોર ટુ ડોર કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમને ચક્કર આવ્યા હતા અને તેઓ ત્યાં જ જમીન પર બેસી ગયા હતા. આ બનાવને પગલે સાથે રહેલા સહકર્મીઓ અને સ્થાનિક ગ્રામજનોમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ જાગૃત નાગરિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમે ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી BLOને પ્રાથમિક સારવાર આપી હતી અને વધુ સારવાર અર્થે પાદરાની હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.હોસ્પિટલના સૂત્રો અને ડોક્ટરોના જણાવ્યા અનુસાર હાલ BLOની તબિયત સ્થિર છે, પરંતુ સાવચેતીના ભાગરૂપે તેમને ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા છે. ફરજ દરમિયાન કર્મચારીની તબિયત બગડતા થોડીવાર માટે ગભરાટનો માહોલ સર્જાયો હતો, પરંતુ સમયસર સારવાર મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટના અંગે પાદરા તાલુકા વહીવટી તંત્રને પણ જાણ કરવામાં આવી છે.

# કચ્છના લાખાપર ગામની ઘટનાઃ તળાવમાં નહાવા પડેલા બે કિશોરોના ડૂબી જવાથી કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના લાખાપર ગામે આજે (શનિવારે) એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પશુઓ ચરાવવા ગયેલા માલધારી પરિવારના બે કિશોરોનું તળાવના ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે.

એકસાથે બે માસૂમ બાળકોના મોતને પગલે સમગ્ર લાખાપર ગામ અને ખાસ કરીને કોળી સમાજમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, લાખાપર ગામના રહેવાસી ૧૨ વર્ષીય કમલેશ બેચારભાઈ કોળી અને ૧૩ વર્ષીય દલસુખ હરખાભાઈ કોળી શુક્રવારના રોજ રાબેતા મુજબ ગામની સીમમાં પોતાના પશુઓ અને ભેંસો ચરાવવા માટે ગયા હતા. સામાન્ય રીતે તેઓ સાંજના સમયે ઘરે પરત ફરી જતા હોય છે, પરંતુ શુક્રવારે મોડી સાંજ સુધી બંને કિશોરો ઘરે ન આવતા પરિવારજનો ચિંતાતુર બન્યા હતા. પરિવારજનો અને ગ્રામજનો દ્વારા રાતભર અને વહેલી સવાર સુધી સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

આજે શનિવારે વહેલી સવારે શોધખોળ દરમિયાન ગામના તળાવના કિનારેથી બંને કિશોરોના ચંપલ મળી આવ્યા હતા.

આ ચંપલના આધારે બંને કિશોરો તળાવના ઊંડા પાણીમાં ડૂબી ગયા હોવાની પ્રબળ આશંકા સેવાઈ હતી. તાત્કાલિક ગ્રામજનોએ આ અંગે સ્થાનિક પોલીસ અને તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને ફાયર વિભાગની ટીમો તુરંત જ લાખાપર ગામે દોડી આવી હતી.

તળાવ ઊંડું હોવાથી મૃતદેહોને શોધવાની કામગીરી અત્યંત મુશ્કેલ બની હતી. ફાયર વિભાગની ટીમે સતત ત્રણ કલાક સુધી ભારે જહેમત ઉઠાવીને તળાવમાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આખરે, ફાયર વિભાગને બંને માસૂમ કિશોરોના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી હતી.

એકસાથે બે હસતા-રમતા બાળકોના અકાળે અવસાનથી કોળી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. લાખાપર ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ડૂબવા પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

### ઉષાબેન સોલંકીની કામગીરી દરમિયાન તબિયત લથડી

# વડોદરામાં વધુ એક BLO સહાયકનું મોત નિપજ્યું

### સવારે ફરજ દરમિયાન ઉષાબેન ઈન્દ્રસિંહ સોલંકીનું મોત થયું હતું, ગોરવા મહિલા ITIમાં નોકરી કરતા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ગુજરાતમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણના પ્રક્રિયા વચ્ચે એક એવા સમાચાર આવ્યા જેનાથી સૌ કોઈ હચમચી ગયા છે. ગીર સોમનાથમાં બીએલઓના આપઘાતની બનેલી ઘટના બાદ રાજ્યભરના BLOમાં રોષ અને ડર જોવા મળી રહ્યો છે. ત્યારે વધુ એક ઘટના ગુજરાતમાં બની છે. વડોદરામાં BLO સહાયક ઉષાબેન સોલંકીનું મોત નિપજ્યું છે.

અગાઉ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામમાં ફરજ બજાવતા શિક્ષક અને BLO અરવિંદ મૂળજી વાઢેરે આત્મહત્યા કરી હતી. તાપીના વાલોડમાં BLO અને શિક્ષિકા કલ્પનાબેનનું મૃત્યુ થતા પરિવાર શોકમાં છે. વડોદરામાં ઉષાબેન સોલંકી નામના મહિલા કર્મચારીનું મોત થયું. BLO ના સહાયક કર્મચારી તરીકે નોકરી કરી રહ્યા હતા. સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન ઉષા સોલંકીનું મોત નિપજ્યું છે. મહિલાના પરિજનો સ્થળ પર દોડી આવ્યા છે.

આજે SIRની કામગીરી કરતા BLO બેભાન થયા હતા. BLOના સહાયક મહિલા કર્મચારી કાજલબેન પટેલ બેભાન થઈ પડ્યા હતા. પ્રતાપ વિદ્યાલયમાં ચાલતી ફોર્મ ચેકિંગની કામગીરી દરમ્યાન આ ઘટના બની હતી.

કાજલબેન પટેલને રિક્ષામાં બેસાડી હોસ્પિટલ લઈ જવાની તૈયારી હતી. બાદમાં ૧૦૮માં બેસાડી સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. કામના ભારણ, સ્ટ્રેસના કારણે બેભાન થયા હોવાની શક્યતા છે. મામલતદાર અશોક પરમારે આ વિશે કહ્યુ કે, બ્લડ પ્રેશરની દવા લીધી ન હોવાથી બેભાન થયા હશે.

# સસ્તું સોનું અને લોનના નામે છેતરપિંડીઃ કર્ણાટકના વેપારીને ફસાવી વડોદરાની ટોળકીએ ૪.૯૨ કરોડ પડાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં ઓફિસ ધરાવતા શખ્સોએ સસ્તુ સોનુ અને બિઝનેસ લોનના નામે કર્ણાટકના એક વેપારીને ફસાવી રૂ.૪.૯૨ કરોડ પડાવી લેતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પરપ્રાંતીય વેપારીને પોલીસ કેસથી બચવા માટે ભાગી જવાનું કહી ઓફિસમાંથી રવાના કરી દીધા હતા અને ત્યાર પછી હજી સુધી સોનાની ડિલિવરી નહિં મળતા તેમણે પોલીસની મદદ લીધી હતી.

કર્ણાટકના વિજયનગર નજીક આરા અપના અલી ગામે રહેતા અને ઘેરથી એ કોમર્સનો બિઝનેસ કરતા મંજુ આર રવિએ પોલીસને કહ્યું છે કે, માર્ચ ૨૦૨૫ માં કર્ણાટકની એક હોટલમાં ઈલેક્ટ્રીક બાઈકના ઓપનિંગ દરમિયાન મુંબઈના ચિંતન નામના ટ્રેડરનો સંપર્ક થયો હતો. જુદા જુદા બિઝનેસ કરતા ચિંતને તેના ઘણા મિત્રો અમદાવાદ અને વડોદરા સહિતના શહેરોમાં ઓફિસો ધરાવી સસ્તું સોનુ અને લોન આપવાના કામ કરતા હોવાની વાત કરી હતી.

કર્ણાટકના વેપારીએ ચિંતન મારફતે વડોદરાના મુજ મહુડા વિસ્તારમાં સિગ્નેટ હબ ખાતે ઓફિસ ધરાવતા વિશાલ બારોટ સાથે પરિચય કરાવ્યો હતો. જ્યાં વિશાલની સાથે તેની પાર્ટનર નયનાબેન ચાવડા પણ હાજર હતી અને ૨૫ થી ૩૦ જણા કામ કરતા હતા.

વિશાલે પહેલી મિટિંગમાં ૧૦ લાખ રૂપિયા લઈ ૧૦૦ ગ્રામ સોનું આપેલું હતું. ત્યારબાદ વિશાલ કર્ણાટકના વેપારી સાથે સીધો સંપર્ક કરતો હતો. તે કર્ણાટક અને બેંગ્લોર પણ ગયો હતો. જેના તમામ ખર્ચ વેપારીએ ઉપાડ્યો હતો.

કર્ણાટકના વેપારીએ પોલીસને કહ્યું છે કે, વિશાલે કિલોમાં સોનુ જોઈતું હોય તો હું અપાવું તેમ કહી દસ કરોડની લોન માટે વ્યવસ્થા કરી આપવાની તૈયારી બતાવી હતી અને ટુકડે ટુકડે કુલ ૩૧ લાખ રૂપિયા લીધા હતા. તેને અલકાપુરીના રાધે ફાઈનાન્સ એન્ડ ઈમ્પોર્ટ એક્સપોર્ટના સંચાલક રાજવીર પરીખ ઉર્ફે ઈલીયાસ અજમેરી સાથે પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ રાજવીર મને અલગ રીતે મળ્યો હતો અને હું પણ સસ્તુ સોનું અપાવી દઈશ અને મોટું કામ હશે તો કમિશન વધુ મળશે તેમ કહી વિશ્વાસમાં લીધો હતો.

વેપારીએ કહ્યું છે કે, રાજવીરે જુદા જુદા સમયે મારી પાસે રૂપિયા પડાવ્યા હતા. તેણે ૨૪ તોલા સોનાના બિસ્કીટ આપતા મને વધુ વિશ્વાસ બેઠો હતો અને મેં મારા પરિચિતો પાસેથી રૂપિયા ભેગા કરી બીજા ૪.૬૧ કરોડ તેને આપ્યા હતા. પરંતુ ત્યારબાદ રાજવીર મને વાયદા કરતો હતો અને અમને ભરૂચ મોકલ્યા ત્યારે ડુપ્લીકેટ પોલીસની રેડના નામે કારમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. જેથી અમે ચાલતા આગળ ગયા હતા અને કોઈ ખાનગી વાહનમાં નીકળી ગયા હતા.

આવી જ રીતે તેની ઓફિસમાં પણ હું મારા મિત્રો સાથે ગયો ત્યારે એક પોલીસ વાળો આવ્યો હતો અને નીચે ગાડી ઉભી છે તેમ કહી અમને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાજવીને તમે નીકળી જાઓ હું પતાવી દઈશ તેમ કહીને અમને રવાના કર્યા હતા.

આમ વારંવાર વાયદા બતાવી રાજવીરે સોના માટે ૪.૬૧ કરોડ અને તેના જ પરિચિત વિશાલ બારડ, નયનાબેન ચાવડા તેમજ અન્ય સાગરીતોએ લોન માટે ૩૧ લાખ પડાવી લીધા હતા. જેથી જે.પી.રોડ પોલીસે ૧૮ જણા સામે ગુનો દાખલ કર્યો છે.

### બોટાદ જીનિયસ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે "સાયબર ફ્રોડ" અને સોશિયલ મીડિયા નુકસાન અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

બોટાદ જીનિયસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં "બેટી બચાવો, બેટી પઢાઓ" અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો, જેમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ધર્મેન્દ્ર શર્મા અને મહિલા-બાળ અધિકારી શ્રી ઈ.આઈ. મન્સૂરીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓમાં સામાજિક મીડિયા અને સાયબર ફ્રોડ સંબંધિત જોખમો અંગે જાગૃતિ લાવવામાં આવી હતી. જેમાં જિલ્લા પોલીસની ટીમ, શી-ટીમ DHEW ના કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને વર્તમાન ડિજિટલ જોખમો અને સલામતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને વર્તમાન હેલ્પલાઈનો જેવી ૧૧૨, ૧૮૧, ૧૦૦, ૧૦૯૮, ૧૯૩૦ વિગેરે નંબરો વિશે માહિતી આપવામાં આવી, અને સમજાવવામાં આવ્યું કે જો



તેઓને ક્યારેય સાઈબર ઈશ્યૂ હોય તો કેવા પરિસ્થિતિમાં કઈ નંબર પર સંપર્ક કરવો જોઈએ અને મદદ કેવી રીતે મેળવી શકાય. શાળા પ્રિન્સિપાલ શ્રી અમિષા બેન અને સ્ટાફની સહકારિતાથી કાર્યક્રમ સફળતાપૂર્વક હાથ ધરાયો હતો.

એહવાલ લાલજી મેર રાણપુર

# પોલીસ ઈન્સ્પેક્ટરે લિફ્ટમાં યુવતીની છેડતી કરતા ચકચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ પોલીસ બેડામાં એક પીઆઈની હરકતથી ચકચાર મચી ગઈ છે. એક પીઆઈની હરકતથી ખાખીની બદનામી થઈ છે. અમદાવાદના એક પીઆઈએ લિફ્ટમાં ૧૯ વર્ષીય યુવતીની છેડતી કર્યાની ઘટના સામે આવી છે. અમદાવાદના વિશાલા સર્કલ પાસે આવેલ એક એપાર્ટમેન્ટનો બનાવ સામે આવ્યો છે.

એપાર્ટમેન્ટની લિફ્ટમાં ૧૯ વર્ષીય યુવતીની છેડતી થયાની ફરિયાદ નોંધાઈ છે. એપાર્ટમેન્ટની લિફ્ટમાં પીઆઈએ યુવતી સાથે શારીરિક અડપલા કર્યાની યુવતીએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને યુવતીના નિવેદન આધારે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. છેડતી કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર બરકતઅલી ચાવડા હોવાનું ખૂલ્યું છે. વેજલપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. બરકત અલી ચાવડા ગાંધીનગરમાં કન્ટ્રોલ રૂમમમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. અગાઉ તેઓ અમદાવાદ એસીબી અને રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂક્યા છે. યુવતી અભયમ હેલ્પલાઈનમાં જણાવ્યું કે, બરકત અલી ચાવડા લિફ્ટમાં જઈ રહ્યા હતાં, ત્યારે હું પણ તેમની સાથે હતી. પરંતુ લિફ્ટ બંધ થતા જ તેમણે મારા ખભા પર હાથ મૂકીને અડપલાં કર્યા હતાં. લિફ્ટ છઠ્ઠા માળે પહોંચી તે સમયે બીજા વ્યક્તિઓ લિફ્ટમાં આવતા બરકત ચાવડા લિફ્ટમાંથી બહાર નીકળી ગયો હતો. ગભરાઈને મેં અભયમમાં સંપર્ક કર્યો હતો.

### ૩ લોકોને બંધક બનાવીને દાગીના અને રોકડ લઈ ગયા

# પાદરામાં ૧૦ શખ્સોએ ભેગા મળી ફાર્મ હાઉસમાં લૂંટ ચલાવી

### ઘટનાની જાણ થતાની સાથે પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના પાદરામાં બંધક બનાવી લૂંટ કરવામાં આવી છે, પાટોદ ગામે ફાર્મ હાઉસમાં લૂંટની ઘટના બની હતી અને ત્રણ લોકોને બંધક બનાવી ૧૦ લોકોએ લૂંટ ચલાવી છે, બંધકોને ઢોર માર મારી લૂંટ ચલાવતા ચકચાર મચી છે અને દાગીના સહિત રોકડ રકમની લૂંટ કરી લૂંટારુ ફરાર થયા છે, પોલીસે લૂંટને લઈ વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના પાદરાના પાટોદ ગામે લૂંટની ઘટના સામે આવી છે, ફાર્મ હાઉસમાં ત્રણ લોકોને બંધક બનાવી ૧૦ લોકોએ ઢોર મારી લૂંટ ચલાવી છે અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર આપી પોલીસ સ્ટેશન ફરિયાદ લખાવા માટે લઈ જવામાં આવ્યા છે, પોલીસ વિભાગની અલગ-અલગ એજન્સીઓ ઘટના સ્થળ પર પહોંચી છે અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા છે, સોનાના દાગીના સહિત રોકડની લૂંટ ચલાવી લૂંટારો ફરાર થઈ ગયા છે.

### આમોદ અને જંબુસર વચ્ચેનો સીધો સંપર્ક તાત્કાલિક રીતે તૂટ્યો

# જંબુસર–આમોદ વચ્ચે ઢાઢર નદીનો બ્રિજ ત્રણ દિવસ માટે બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરુચ

જંબુસર અને આમોદને જોડતા ઢાઢર નદીના બ્રિજ પર લોડ ટેસ્ટિંગનું કાર્ય હાથ ધરવામાં આવતા આજથી ત્રણ દિવસ સુધી બ્રિજ બંધ રાખવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, બ્રિજની સલામતી અને તેની વર્તમાન ક્ષમતા તપાસવા માટે આ લોડ ટેસ્ટિંગ કરવાનું જરૂરી બન્યું છે.આજથી લઈને સોમવાર સુધી બ્રિજ બંધ રહેશે, જેના કારણે બંને શહેરો વચ્ચે મુસાફરી કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. રોજબરોજ જંબુસરથી આમોદ અને આમોદથી જંબુસર જતા વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વેપારીઓ તેમજ સામાન્ય મુસાફરો માટે વિકલ્પ માર્ગોનો સહારો લેવાનો વારો આવશે.ત્રણ દિવસ સુધી બ્રિજ બંધ રહેવાના નિર્ણયને કારણે આમોદ અને જંબુસર વચ્ચેનો સીધો સંપર્ક તાત્કાલિક રીતે તૂટ્યો છે. સ્થાનિક લોકોએ જણાવ્યું છે કે આ દરમિયાન વાહનવ્યવહાર માટે યોગ્ય વિકલ્પ માર્ગોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તો મુશ્કેલીઓમાં રાહત મળી શકે.

અધિકારીઓએ જણાવ્યું છે કે લોડ ટેસ્ટિંગ પૂર્ણ થયા બાદ બ્રિજ ફરીથી સામાન્ય વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકાશે. સલામતીને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલા આ પગલાને લઈને લોકો થોડી અસુવિધાનો સામનો કરશે, પરંતુ ભવિષ્યમાં સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવામાં આ કાર્ય મહત્વનું છે.

# સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા સાયણ ગામમાં લિફ્ટ તૂટી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લામાં લિફ્ટ તૂટવાના કારણે દૂર્ઘટના સર્જાઈ છે. આ દૂર્ઘટનામાં બે લોકોના મોત થતા સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા સાયણ ગામમાં લિફ્ટ તૂટી હતી. જે કારણે સર્જાયેલી દૂર્ઘટનામાં ૨ લોકોના મોત થયા હતા. સાયણ ગામમાં આવેલી અખંડદીપ ઈન્ડસ્ટ્રીઝમાં લિફ્ટ તૂટી છે. પાચમાં માળેથી સામાન નીચે ઉતારતા સમયે અચાનક લિફ્ટ તૂટી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસ આ મમલે હાલ તપાસ કરી રહી છે. આદર્શનગરની ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં દૂર્ઘટના સર્જાતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.